આજનો સુવિચાર

વિરોધીઓ દ્વારા કરવામાં આવેલી પ્રશંસા જ સર્વોત્તમ કીર્તી છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૨ જૂનાગઢ તા. ૨૯-૧૨-૨૦૨૨ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## ભારતીય બનાવટનું કફ સિરપ પીધા બાદ ઉઝબેકિસ્તાનમાં ૧૮ બાળકોનાં મોત

નવી દિલ્હી તા.૨૯

ભારતીય ફાર્મા કંપનીની બનાવટનું કફસિરપ પીધા બાદ ઝામ્બીયા બાદ હવે ઉઝબેકિસ્તાનમાં ૧૮ બાળકોના મોત થયા હોવાનુ બહાર આવ્યુ છે. ભારતીય દવા ઉત્પાદક કંપની મેરીઓન બાયોટેકની કફ સિરપ અપાયા બાદ ૨૧માંથી ૧૮ બાળકોના મોત થયા હોવાનો ઉઝબેકિસ્તાનના આરોગ્ય મંત્રાલયે દાવો કર્યો છે. શ્વાસની બિમારીથી પીડાતા બાળકોને આ સીરપ અપાયા હતા ત્યારબાદ બાળકોના મૃત્યુ નિપજયા હતા. શરદી અને ફલુના લક્ષણોમાં આ સિરપ આપવાનો કંપની દ્વારા દાવો કરાયો હતો. ઉઝબેક કંપની દ્વારા ભારતમાંથી આ સિરપ આયાત કરવામાં આવી હતી.

ઉઝબેકિસ્તાનના આરોગ્ય વિભાગે એમ પણ ક્હ્યું કે ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન વિના બાળકોને ઘેર જ આ સિરપ આપવામાં આવી હતી. બાળકોને નિયત કરતા વધુ ડોઝ અપાયા હતા કે શંકાસ્પદ બેચની જ સિરપ મોતને ભેટેલા તમામ બાળકોએ લીધી હતી કે કેમ તે હજુ સ્પષ્ટ થતું નથી.

સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતમાં નોઈડામાં મેરિયન બાયોટેક દ્વારા બનાવવામાં આવેલાં કફ સિરપ **DOK-1 MAX** પીવાથી બાળકોનાં મોત થયાં છે. વિશ્વ આરોગ્ય સંસ્થા તપાસમાં ઉઝબેકિસ્તાન સરકારને સહયોગ કરશે. ભારતે પણ ઉઝબેક સરકારના આરોપોની તપાસ કરવાનો નિર્ણય લીધો છે. ગેમ્બિયાએ ૭૦ બાળકનાં મૃત્યુ માટે પણ ભારતમાં બનેલા ૪ કફ સિરપને પણ જવાબદાર ગણાવ્યાં છે. ડબ્લ્યુએચઓએ પણ આ કફ સિરપના ઉપયોગ અંગે ચેતવણી જારી કરી હતી. જોકે ભારતે ક્હ્યું હતું કેઅમે કફ સિરપનું પરીક્ષણ કર્યું છે અને તેમની ગુણવત્તા યોગ્ય જણાઈ હતી.

## આજે સવારથી ટવિટર ડાઉન ઉપભોકતાઓ નારાજ

ન્યુયોર્ક તા. ૨૯

આજે સવારે ટ્વીટર અચાનક ડાઉન થઈ જતાં કરોડો યુઝર્સ અટવાયા છે. યુઝર્સને લોગિન કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેને કારણે યુઝર્સ ટ્વીટરની આ પ્રકારની બેદરકારીથી ખુબ નારાજ થઈ રહ્યાં છે. જયારે યુઝર્સ ટ્વિટર ઉપર લોગિન કરે છે ત્યારે એરર મેસેજ દેખાય છે. આજે સવારે સોશિયલ મીડિયા સાઈટ ટ્વિટર ડાઉન થઈ ગયું. તમામ યુઝર્સને લોગિન કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે યુઝર્સ ટ્વિટર પર લોગિન કરે છે ત્યારે એરર મેસેજ આવે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્વિટર ઉપર સવારે ૭:૧૩ વાગ્યાથી યુઝર્સને આ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.

દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, બેંગ્લોર અને નાગપુર જેવા મોટા શહેરોમાં આ સમસ્યા સામે આવી રહી છે. લખનૌ, કોલકાતા અને અમદાવાદ જેવા શહેરોમાં પણ યુઝર્સને અસર થઈ છે. યુઝર્સ ડાઉનડિટેક્ટરના કોમેન્ટ બોક્સમાં પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહયા છે.

## પ્રતિબંધિત સંગઠન પીએફઆઈનાં કેરળ સ્થિતિ ૫૬ સ્થળોએ એનઆઈએનાં દરોડા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨૯

દેશમાં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડીયા ઉપર પ્રતિબંધ મુકાયા પછી પણ તે કેરળમાં સક્રિય હોવાના સંકેતો મળ્યા બાદ આજે ફરી એક વખત નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) એ કેરળમાં ૫૬ સ્થળો ઉપર દરોડા પાડીને પીએફઆઈ વિરૂધ્ધ તલાશી અભિયાન શરૂ કર્યું છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા અલગ-અલગ ટીમો બનાવીને દરોડાનો દોર શરૂ કરાયો છે અને અનેક લોકોને અટક કરવામાં આવી રહ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ ગઈકાલે બપોર બાદ આ દરોડાનો દોર શરૂ થયો હતો અને આજે પણ ચાલુ છે. તિરુવંથપુરમમાં છ જગ્યાએ દરોડા ઉપરાંત ત્રિવેન્દમ સહિતના લોકેશનોમાં એનઆઈએની ટીમ કાર્યરત છે. પીએફઆઈનો ઉદય ૨૦૦૬માં કેરળમાં થયો હતો અને ૨૦૦૯માં તેણે એક રાજકીય મોરચો ધ સોશિયલ ડેમોક્રેટીક પાર્ટી ઓફ ઈન્ડીયા બનાવ્યું હતું. તેનો મુખ્ય ધ્યેય કટ્ટરવાદ ફેલાવાનો છે અને તેથી પૂરા દેશમાં તેણે પીએફઆઈને એક સામાજિક સંગઠનમાંથી કટ્ટરવાદી ઈસ્લામીક સંગઠનમાં ફેરવી નાખ્યું હતું બાદમાં મોદી સરકારે પીએફઆઈ ઉપર પ્રતિબંધ મુકીદીધો છે અને તેના પરિણામે કેરળમાં હિંસા પણ થઈ હતી પરંતુ મોદી સરકારે તેની ચિંતા કર્યા વગર જ પીએફઆઈને ખતમ કરવા માટે અભિયાન શરૂ કર્યું છે. કેરળમાં મોટાપાયે દરોડા ઉપરાંત પીએફઆઈના નાણા કનેકશન પણ તપાસાઈ રહ્યા છે તથા તેના અનેક અગ્રણીઓને રાઉન્ડ અપ કરવામાં આવ્યા છે અને તેમને પુછપરછ બાદ ધરપકડ સહિતની પ્રક્રિયા પણ થઈ શકે છે.

## હિરાબાની તબિયત સુધારા ઉપર : તમામ રીપોર્ટ નોર્મલ

અમદાવાદ તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં માતા હીરાબાને નાદુરસ્ત તબિયતને કારણે ગઈ કાલે સવારે યુ.એન. મહેતા હોસ્પિટલ દાખલ કરાયાં હતાં, જ્યાં તેમની સારવાર કરવામાં આવી રહી છે. હિરાબાના તમામ રિપોર્ટ કરાયા બાદ તેમની સારવાર કરાઈ રહી છે. જયાં તેમના તમામ રિપોર્ટ નોર્મલ આવ્યા છે. યુ.એન. મહેતા હોસ્પિટલના ૬ એકસપર્ટ ડોક્ટર તેમજ અન્ય એકસપર્ટ સ્ટાફને સાથે રાખીને ટ્રીટમેન્ટ કરવામાંઆવી રહી છે. હાલ હીરાબાની તબિયત સ્થિર છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ફરી હોસ્પિટલ પહોંચ્યા હતા અને હીરાબાના સ્વાસ્થ્યની જાણકારી મેળવી હતી. તેમણે જણાવ્યું હતું કે હિરાબાની તબિયત ખૂબ જ સરસ છે. ઝડપથી સુધારો થઈ રહ્યો છે. તેમને એકાદ દિવસમાં રજા અપાશે.

## ગુજરાત મહિલાઓ માટે સલામત નથી દર મહિને ૪૫ મહિલાઓ ઉપર બળાત્કાર

અમદાવાદ તા. ૨૯

ગુજરાતમાં ભલે સરકાર અને ગૃહમંત્રી હર્ષ સંઘવી છાતીને ઠોકીને અડધી રાત્રે રાજયમાં મહિલાઓ જાહેરમાં ફરી શકે તેવી વાતો કરતા હોય પણ લોકસભામાં રજુ થયેલા એક સત્તાવાર જવાબે આ દાવાઓની પોલ ખોલી નાખી છે. ખરેખર આ આંકડાઓ શાંત ગુજરાતની વાસ્તવિકતાને ઉજાગર કરી રહ્યાં છે. લોકસભામાં રજૂ કરાયેલા આંકડાઓ મુજબ ગુજરાતમાં દર મહિને ૪૫ મહિલાઓ ઉપર બળાત્કાર થાય છે. જે દર્શાવે છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હર્ષસંઘવીના શાસનમાં કથળી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે લોકસભામાં રજૂ કરેલા રિપોર્ટ અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૧૮થી માંડીને વર્ષ ૨૦૨૧ સુધીમાં ૨૧૫૬ મહિલાઓ બળાત્કારનો ભોગ બની છે. દર વર્ષે બળાત્કારના ૫૫૦ કેસો નોંધાઈ રહ્યાં છે. આ જ પ્રકારે મહિલાઓ ઉપર પણ હુમલાની ઘટનાઓ ઘટી છે. છેલ્લા ૪ વર્ષમાં મહિલાઓ પર ૩૭૬ ૨ હુમલાની ઘટનાઓ ઘટીછે. એટલેકે દર મહિને ૧૦૦ મહિલાઓ ઉપર હુમલા થાય છે. જેને પગલે હવે મહિલાઓમાં પણ ડરનો માહોલ છવાયો છે.

## કામદારોને હવે લઘુત્તમ વેતન નહી પરંતુ વાસ્તવિક સ્થિતિ મુજબનું 'લિવીંગ વેજ' આપવા વિચારણા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨૯

વિશ્વના પાંચમાં નંબરના અર્થતંત્ર અને સૌથી ઝડપી આર્થિક વિકાસ ધરાવતા દેશ ભારતમાં હજુ 'ગરીબી'નો ધબ્બો યથાવત છે અને તેમાં આવકની અસમાન વહેંચણી એ મુખ્ય કારણ છે જેના કારણે અમિરો વધુ અમિર બની રહ્યા છે અને ગરીબો વધુ ગરીબ બની રહ્યા છે તે વચ્ચે હવે દેશમાં અત્યંત ગરીબાઈ અથવા તો જેઓ બિલો પોવર્ટી લાઈન એટલે કે ગરીબી રેખાની નીચેથી પણ અત્યંત નીચા છે તેમને ગરીબી રેખા ઉપર લાવવા કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૩૦ સુધીના એક એજન્ડામાં હવે કામદારો માટે જે લઘુત્તમ વેતન એટલે કે મીનીમમ વેજના સ્થાને હવે 'લીવીંગ વેજ'નો ખ્યાલ સરકાર વિચારી રહી છે.

દેશમાં હાલના અંદાજ મુજબ ૨૨ કરોડથી વધુ લોકો ગરીબી રેખા હેઠળ જીવે છે અને કોવિડ સહિતના કારણોએ વધુ કરોડો લોકોને બિનસતાવાર રીતે પણ ગરીબ બનાવી દીધા છે. તે સમયે ખાસ કરીને કામદારો ઉપરાંત બિનસંગઠીત ક્ષેત્રમાં કામ કરતા કરોડોલોકો માટે મીનીમમ વેજધારો અમલી છે તેઓને પણ ગરીબી રેખાથી બહાર લાવી શક્યો નથી તે નિશ્ચિત છે તે સમયે હવે 'લીવીંગ વેજ' એટલે કે જીવન માટે જરુરી આવક અથવા તો કમાણીનો એક નવો ઈન્ડેક્ષ આગામી સમયમાં અમલમાં આવે તેવી શક્યતા છે.

જોતેનો અમલ થાય તો તે ગેઈમ ચેન્જર બની શકે છે. લીવીંગ વેજને એ રીતે વ્યાખ્યા કરવામાં આવ્યું છે કે કોઈ એક કામદાર કુટુંબને કે જે હાલલઘુત્તમવેતન ધારા હેઠળ આવે છે તેમને જીવન જીવવા માટે ઓછામાંઓછી કેટલી આવક જરુરી પડે તેના આધારે આ ઈન્ડેક્ષ તૈયાર કરાશે. લઘુત્તમ વેતન ધારો અને હાલના ફુગાવા વચ્ચે ભાગ્યે જ કોઈ સંતુલન છે. જો લીવીંગ વેજનો અમલ થાય તો તેનાથી લઘુતમવેતન ધારામાં મળતા પગાર કે આવકમાં ૧૦ થી ૨૫ ટકા જેવો વધારો થઈ શકે છે. જોકે આ એક રાજકીય મુદ્દો પણ છે અને નાણાકીય મુદ્દો પણ છે. જેના ઉપર નાણા મંત્રાલય વિચારણા કરશે.

## યમુના એકસપ્રેસ હાઈવે ઉપર ત્રણ નરાધમોએ યુવતિ ઉપર ગેંગરેપ કર્યો

આગ્રા,તા. ૨૯: યુપીના નોઈડાથી આગ્રા જઈ રહેલી એક મહિલા ઉપર યમુના એક્સપ્રેસ વે ઉપર સામૂહિક બળાત્કાર થયો હતો. જયારે પીડિત મહિલાએ પોલીસને આખી ઘટના જણાવી તો પોલીસકર્મીઓ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરીને જેલ હવાલે કર્યા છે. માહિતી મળ્યાબાદ પોલીસે ડ્રાઈવર જય વીર, હેમંત ઉર્ફે ટીટુ અને ફૂલ સિંહની ધરપકડ કરી હતી, જેઓ એતમાદપુરના રસૂલપુરા ગામના રહેવાસી છે. પોલીસે ઘટનામાં વપરાયેલ ઈકો વાહન પણ કબજે કરી આરોપીઓને જેલમાં મોકલી આપ્યા છે.

## બાર જયોતિર્લિંગની પરીક્રમા માટે નીકળેલા ૧૪ સાધુઓની કારને ભરૂચ નજીક અકસ્માત : ત્રણ સંતોનાં કરૂણ મોત

ભરૂચ તા. ૨૯

રાજપીપળાના નર્મદા કિનારે આવેલ રામાનંદ આશ્રમ થી નવસારીના લંકા વિજય હનુમાન મંદિર નજીક જતા કુલ ૧૪ જેટલા સાધુઓને તેમની મહેન્દ્રા જીનીયો ગાડીની આગળ ચાલતા ટેમ્પાથી બચવા જતા ડ્રાઈવરે રોંગ સાઈડ ઉપર લેતા પૂર ઝડપે ધડાકાભેર ઝાડ સાથે કાર અથડાઈ ગઈ હતી.

આ અકસ્માતમાં કારના ફુરચા નીકળી ગયા હતા. જ્યારે પાછળથી ગાડી ખુલ્લી હોવાથી તેમાં બેસેલા ૧૪ જેટલા સાધુઓ ફંગોળાઈ ગયા હતા. જેમાં ડ્રાઈવર અને અન્ય એક સાધુનું ઘટના સ્થળે ગંભીર ઈજાને પગલે મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય એક સાધુને રાજપીપળા લઈ જતા સારવાર મળે તે પહેલા જ તેમનું મૃત્યુ થયું હતું જ્યારે ૧૩ ને ગંભીર ઈજાઓ થતા નેત્રંગ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે લઈ જવાયા હતા.બનાવની જાણ થતાં પોલીસ અને લોકો મદદ માટે દોડી ગયા હતા.

મૂળ યુપીના ખાતચોક અયોધ્યા આશ્રમના ૧૪ સાધુઓ બાર જ્યોતિર્લિંગની પરિક્રમા યાત્રા કરવા નીકળ્યા હતા. જેમાંથી આઠ જ્યોતિર્લિંગ યાત્રા પૂર્ણ કરી ચાર બાકી હોવાથી રામાનંદ આશ્રમ ગુવાર ખાતે નિવાસ કર્યો હતો . ત્યાંથી તેઓ કારના ચાલક રાકેશકુમાર હરિપ્રસાદ સોનકર મૂળ યુપીના રહેવાસી અને હાલ નવસારી લંકા વિજય હનુમાન મંદિરની સામે રહેતા હોય ત્યાં આ સાધુઓ પોતાના ઘરે જતા હતા ત્યારે નેત્રંગથી માંડવી નેશનલ હાઈવે પર કંબોડિયા અને ચાસવડ ની વચ્ચે તેઓને અકસ્માત નડ્યો હતો.

મહિન્દ્રા જીનીઓ ગાડી પૂર ઝડપે ઝાડ સાથે અથડાતા ગોઝારા અકસ્માતમાં ચાલક રાકેશકુમાર સોનકર અને શીતલદાસ ઉર્ફે વેદાંતી ગુરુજીનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.

## ભારતમાં ૨૦૨૧માં ૪,૧૨,૪૩૨ માર્ગ અકસ્માતમાં ૧,૫૩,૯૭૨ લોકોએ જીવ ગુમાવ્યા

### મૃત્યુ પામેલાઓમાં ૮૩ ટકા કાર ચાલકોએ સીટ બેલ્ટ પહેરેલ ન હતો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨૯

કેટલાક લોકો રોડ ઉપર ડ્રાઈવિંગ કરતી વખતે ઘણીવાર સીટ બેલ્ટ અને હેલ્મેટ પહેરવાનું ભૂલી જાય છે. અને તેમની આ ભૂલ જીવલેણ સાબિત થઈ શકે છે. હકીકતમાં, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના અહેવાલ મુજબ, ૨૦૨૧માં સમગ્ર ભારતમાં અકસ્માતોમાં મૃત્યુ પામેલા દર ૧૦માંથી ઓછામાં ઓછા ૮ કાર સવારો (લગભગ ૮૩%) સીટ બેલ્ટ પહેર્યા ન હતા. તે જ સમયે, ગત વર્ષે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા દર ૩ ટુ-વ્હીલર સવારોમાંથી ૨ (આશરે ૬૭%) એ હેલ્મેટ પહેર્યા જ ન હતા. ડબ્લ્યુએચઓના ડેટા અનુસાર, સીટ બેલ્ટનો ઉપયોગ ગંભીર અકસ્માતની ઈજાઓ અને મૃત્યુને અડધાથી ઘટાડી શકે છે, જ્યારે યોગ્ય રીતે બાંધેલા સંપૂર્ણ ચહેરાના હેલ્મેટનો ઉપયોગ ટુ-વ્હીલર સવારોની જીવલેણ ઈજાઓને ૬૪% અને મગજની ઈજાઓને ૬૪% ઘટાડી શકે છે. ૭૪% સુધી ઘટાડી શકાય છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના એક અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૧માં દેશમાં કુલ ૪,૧૨,૪૩૨ માર્ગ અકસ્માતો થયા હતા જેમાં ૧,૫૩,૯૭૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા જયારે ૩,૮૪,૪૪૮ લોકો ઘાયલ થયા હતા. 'રોડ એકસિડેન્ટ્સ ઈન ઈન્ડીયા-૨૦૨૧' શીર્ષક હેઠળના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અકસ્માતો સંબંધિત મુખ્ય સૂચકાંકોએ ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૧માં વધુ સારું પ્રદર્શન કર્યું છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે, '૨૦૧૯ની સરખામણીમાં, માર્ગ અકસ્માતોમાં ૮.૧ ટકા અને ૨૦૨૧માં ઘાયલોની સંખ્યામાં ૧૪.૮ ટકાનો ઘટાડો થયો છે. જોકે, ૨૦૧૯ના સમાન સમયગાળાની સરખામણીએ ૨૦૨૧માં માર્ગ અકસ્માતમાં મૃત્યુદરમાં ૧.૯ ટકાનો વધારો થયો છે.

## વિશ્વમાં કોરોનાનાં ફેલાવામાં ચીનની મુખ્ય ભૂમિકા : ૨૦૧૯ની પેટર્નનું પુનરાવર્તન

### ચીનથી ઈટાલી પહોંચેલા ૫૦ ટકા પ્રવાસીઓ કોરોના પોઝીટીવ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨૯

વિશ્વભરમાં ફરી એક વખત કોરોના સંક્રમણનું સંકટ તોળાઈ રહ્યું છે તે વચ્ચે કોરોનાના હબ ગણાતા ચીને તેની સીમાઓ ફરી ખોલી નાખી છે અને આંતરિક રીતે પણ ચીનમાં નવા વર્ષની ઉજવણી માટેના તમામ નિયંત્રણો લગભગ હળવા કરી નખાયા છે તે સમયે ચીનથી અન્ય દેશોમાં જતા પ્રવાસીઓ કોરોનાનું વહન કરીને ૨૦૧૯ની પેટર્નથી જ વિશ્વમાં કોરોના ફેલાવે તેવી દહેશત નજરે ચડી રહી છે.

ચીનથી ઈટલી પહોંચેલી એક ફલાઈટના અર્ધાથી વધુ મુસાફરો કોરોના સંક્રમિત જાહેર થતા જ ઈટલીમાં પણ જબરો હડકંપ મચી ગયો છે અને હવે ઈટલી દ્વારા ચીન સાથેની વિમાની સેવાઓ વગેરે ઉપર પ્રતિબંધાત્મક આદેશો લાદવાની તૈયારી કરવામાં આવી રહી છે. ૨૦૧૯માં પણ ચીન બાદ કોરોના યુરોપમાં સૌ પ્રથમ ઈટલી પહોંચ્યો હતો અને ત્યાંથી અમેરિકા અને લેટીન અમેરિકન દેશો અને બાદમાં એશિયામાં ભારત સહિતના દેશો સુધી કોરોનાનું સંક્રમણ આગળ વધ્યું હતું તથા કરોડો લોકો સંક્રમિત બન્યા હતા અને લાખો મૃત્યુ પામ્યા હતા.

તે વચ્ચે ચીન અને ઈટલીનું આ કોરોના કનેકશન ગંભીર ચિંતાનો વિષય બની ગયો છે. ચીનના બૈજીંગથી ઈટલીના મિલાન પહોંચેલી બે ફલાઈટમાં મોટી સંખ્યામાં કોરોના પોઝીટીવ મળી આવ્યા છે જેમાં એક ફલાઈટમાં ૯૨માંથી ૩૫ અને બીજી ફલાઈટમાં ૧૨૦માંથી ૬૨ મુસાફરો કોરોના પોઝીટીવ હોવાનું જાહેર થતા ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા છે અને આ સંખ્યા ઉપરથી ચીનમાં કોવિડ કેટલો ફેલાયો હશે તેનો પણ અંદાજ આવી જાય છે.

## જાન્યુઆરીનાં ત્રીજા અઠવાડીયા સુધી સાવચેત રહેવાની જરૂર : ડો. રણદીપ ગુલેરીયા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૯

ચીનમાં કોરોના વાયરસના કેસમાં થયેલા વધારાથી સમગ્ર વિશ્વમાં ભયનું વાતાવરણ અને તણાવ છે. કોવિડ-૧૯ સામે લોકોને એલર્ટ કરતી વખતે ભારત સરકાર પણ વિવિધ તૈયારીઓ કરી રહી છે. હવે **AIIMS**, દિલ્હીના ભૂતપૂર્વ વડા ડૉ. રણદીપ ગુલેરિયાએ કહ્યું છે કે જાન્યુઆરીના ત્રીજા અઠવાડિયા સુધી લોકોએ સાવચેત રહેવાની જરૂર છે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે હજુ સુધી કોઈ ગભરાટની સ્થિતિ નથી, પરંતુ રજાઓને કારણે કોરોનાના કેસોમાં વધારો થવાની સંભાવના છે. ડૉ. ગુલેરિયાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, "આગામી થોડા દિવસો રજાના છે અને લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ જશે. જ્યારે તેઓ મુસાફરી કરે છે, ત્યારે તેઓ તેમની સાથે ચેપ લાવશે. જો કોઈ બીજા દેશમાં જાય છે, તો ત્યાંનો ચેપ દેશમાં આવી શકે છે. મુસાફરીને કારણે દેશમાં કોરોનાના કેસ વધી શકે છે. જાન્યુઆરીના ત્રીજા સપ્તાહ સુધી ખૂબ જ સાવધાની રાખવી પડશે. કોરોના કેસમાં વધારો થઈ શકે છે.

## જાપાનમાં કોરોનાથી એક જ દિવસમાં ૪૧૫ લોકોનાં મોત : ૨ લાખ નવા કેસ નોંધાયા

ટોક્યો,તા.૨૯: ચીનમાં કોરોના વાયરસ પોતાનો કહેર વરસાવી રહ્યો છે. લાશોના ઢગલા થઈ રહ્યા છે, પરંતુ ચીનની જિનપિંગ સરકાર પોતાનું બેજવાબદાર વલણ છોડવા તૈયાર નથી. ચીનમાં કોરોનાથી થઈ રહેલા મોતના આંકડા દુનિયાની સામે નથી આવી રહ્યા, જેથી ત્યાંની સાચી સ્થિતિની જાણ નથીથઈ રહી. આ દરમ્યાન તેણે દુનિયા માટે પોતાની બોર્ડર પણ ખોલી નાખી છે અને પોતાના નાગરીકોને ચીનની બહાર જવાની મંજૂરી પણ આપી દીધી છે, જેથી અન્ય દેશો ચિંતામાં મૂકાઈ ગયા છે. ચીન ભલે કોરોના કેસોને છૂપાવતું હોય, પરંતુ તેના પરિણામ દેખાવા લાગ્યું છે. જાપાનમાં એક જ દિવસમાં ૪૦૦થી વધુ લોકોના મોત થઈ ગયા છે, જેનાથી માનવામાં આવી રહ્યું છે કે, દુનિયાભરમાં ફરી એકવખત કોરોનાની લહેર ફેલાશે.

જાપાનમાં બુધવારે કોરોના સંક્રમિત ૪૧૫ દર્દીઓના મોતથયા હોવાનું ત્યાંના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું છે. જે એકદિવસમાં થયેલા મોતનો અત્યાર સુધીનો મોટો આંકડો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા મુજબ, દેશમાં બુધવારે ૨,૧૬,૨૧૯ નવા કેસ નોંધાયા છે, જે એક સપ્તાહ પહેલાની સરખામણીમાં ૪ ટકા વધુ છે.

**મકાન વેચવાનું છે**

જૂનાગઢનાં ઉપરકોટ વિસ્તારમાં દેવવાડી પાસે ટેનામેન્ટ મકાન આશરે ૭૫ વાર, ૪ રૂમ, ૨ રસોડા, મોટું ફળિયું, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

કોન્ટેક્ટ : ૯૪૦૮૬ ૨૪૮૮૪

**લકઝરીયસ બંગ્લો વેચવાનો છે**

દોમડીયાવાડીની બાજુમાં,કાળવા ચોક SBI ની સામે, ગીરીકુંજ સોસાયટીમાં, વ્યાજબી ભાવે બંગલો વેચાણમાં. ૧૫૨ વાર, નવું બાંધકામ,પાંચ રૂમ, ડ્રોઈંગ રૂમ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર, ફુલ ફર્નિશ્ડ,ઉત્તરાભિમુખ, સ્વતંત્ર બોર. ટાઈટલ ક્લીઅર. ભૂલશો તો ચૂકશો

સંપર્ક : ૭૫૭૫૮૦૬૫૮૫

**રેંટ ઉપર આપવાનું છે**


ગોકુલ નગર સોસાયટીમાં માર્ટ ટાઈપની દુકાન ચાલુ વેપારે આપવાની છે

તેમજ

ફોરવ્હીલ લેવા તથા વેચવા માટે મળો

: કોન્ટેક્ટ :

૯૫૧૨૮ ૮૧૭૫૭, ૮૯૫૯૫ ૦૦૦૦૫



**ડો. રવિરાજ શેખવા**

Dental Surgeon(B.D.S.)

મો. ૯૯૦૯૮ ૦૫૯૫૫

દાંત, પેઢા તથા મોંના રોગોની સંપૂર્ણ સારવાર

- દુઃખાવા રહીત દાંત પડાવવા તથા ડહાપણ દાઢની સર્જરી (Impaction)
- દાંત મુળની સારવાર RCT
- દાંતનો સડો કાઢી સીમેન્ટ પુરવી
- દાંતનું ફિકસ ચોકઠું તથા કાઢી અને પહેરી શકાય તેવું ચોકઠું
- આધુનિક એકસ-રે મશીન દ્વારા દાંતનો ફોટો પાડવો
- દાંત સાફ કરવા માટે અલ્ટ્રાસોનિક સ્કેલરની સુવિધા Scaling
- સોના-ચાંદીનાં ફિકસ દાંત બનાવવા
- દાંતનાં રંગના સીરામીક ફિકસ દાંત

**શ્રી યોગી ડેન્ટલ કેર**

સમય સવારે ૧૦.૦૦ થી ૧.૦૦
સાંજે ૫.૦૦ થી ૮.૦૦ (સોમ થી શનિ)
શ્રી પેલેસ, સૈજનાં ટાકા પાસે, ગિરનાર રોડ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નિર્ણય

# ફેબ્રુઆરી ૨૦૨૩થી સુજલામ સુફલામ જળઅભિયાન શરૂ થશે

## આ વર્ષે રાજ્ય સરકારે જળસંચય અભિયાનને ફેબ્રુઆરી-૨૦૨૩થી જ પ્રારંભ કરીને રાજ્યના ખેડૂતોને મહત્તમ લાભ પહોંચાડવાનો નિર્ધાર કર્યો

ગાંધીનગર, તા.૨૯ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલ કેબિનેટ બેઠકમાં લેવાયેલા અગત્યના નિર્ણયો સંદર્ભે મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતુ કે, સુજલામ સુફલામ જળ અભિયાનની સફળતાને પગલે માર્ચ-એપ્રિલના સ્થાને આ વર્ષે રાજ્ય સરકારે જળસંચય અભિયાનને ફેબ્રુઆરી-૨૦૨૩થી જ પ્રારંભ કરીને રાજ્યના ખેડૂતોને મહત્તમ લાભ પહોંચાડવાનો નિર્ધાર કર્યો છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં મે-૨૦૧૮થી શરૂ થયેલી સુજલામ-સુફલામ જળ અભિયાનના અત્યાર સુધીમાં પાંચ તબક્કા સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. જનભાગીદારી થકી યોજાયેલ આ અભિયાનમાં છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યભરમાં જળસંગ્રહ માટેના ૭૪,૫૧૦ કામો પૂર્ણ થયા છે. જેનાથી જળ સંગ્રહ ક્ષમતામાં ૮૬,૧૯૯ લાખ ઘનફૂટ વધારો થયો અને રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૨૬,૯૮૧ તળાવો ઉંડા કરવામાં આવ્યા છે. ગત વર્ષ ૨૦૨૨માં સુજલામ સુફલામ જળ અભિયાન દ્વારા અત્યાર સુધીમાં સૌથી વધું ૧૭,૮૧૨ કામો પૂર્ણ થયા હતા. જેમાં ૨૦.૮૧ લાખ માનવદિનની રોજગારી શ્રમિકોને મળી હતી જ્યારે ૨૪ હજાર ૪૧૮ લાખ ઘન ફૂટ જળસંગ્રહક્ષમતામાં વધારો થયો હતો તેમ મંત્રીએ ઉમેર્યું હતુ.

મંત્રીશ્રી કહ્યું હતુ કે, રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી અભિયાનને સ્થાનિક સ્તરે નાગરિકોનો પણ ખૂબ સહયોગ મળ્યો છે. જનભાગીદારી દ્વારા હાથ ધરાયેલ આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ જળ સંચયનો વ્યાપ વધારવો, ભૂગર્ભ જળસ્તર ઉંચા લાવવા, સિંચાઇ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવી, ખેત ઉત્પાદનમાં વધારો કરવો, પાણીનો બગાડ ઘટાડવો તથા પર્યાવરણમાં સુધારો લાવવાનો રહ્યો છે એમાં પણ સૌ લોકોએ સહયોગ આપ્યો છે જેના પરિણામે આ અપ્રતિમ સફળતા મળી છે.

આ યોજના મજૂરોનું પેટ ઠારશે

# શ્રમિક અન્નપૂર્ણા યોજનાની સેવાઓનું વિસ્તરણ આજે કરવામાં આવશે

## ૨૮ જેટલા કડિયાનાકા ઉપર આ સુવિધાનો શુભારંભ કરાશે

ગાંધીનગર, તા.૨૯ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલ કેબિનેટ બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં ગુજરાતમાં બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારજનો માટે કાર્યરત શ્રમિક અન્નપૂર્ણા યોજનાની સેવાઓનું વિસ્તરણ કરીને આજ તારીખ ૨૯-૧૨-૨૦૨૨થી રાજ્યમાં વધુ નવા ૨૮ જેટલા કડિયાનાકા પર આ સુવિધાનો શુભારંભ કરાવવામાં આવશે. આમ હવે રાજ્યના કુલ ૫૧ કડિયાનાકા-વિતરણ કેન્દ્રો ઉપર આ યોજનાની સેવાઓ ઉપલબ્ધ બનશે.

મુખ્યમંત્રીના સક્ષમ નેતૃત્વ અને શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂતના સતત માર્ગદર્શન હેઠળ ગુજરાતના બાંધકામ શ્રમિકો માટે પોષણયુક્ત ભોજન મળી રહી તેવા ઉમદા હેતુથી શરૂ કરવામાં આવેલ શ્રમિક અન્નપૂર્ણા યોજના કાર્યરત છે. આ યોજના હેઠળ નોંધાયેલા બાંધકામ શ્રમિકોઅને તેના પરિવારજનોને પ્રતિ વ્યક્તિ માત્ર રૂા. ૫/- ના નજીવા દરે સાત્વિક અને પોષણયુક્ત ભોજન આપવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યુ હતુ. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે શિક્ષણ વિભાગ અંતર્ગત હાથ ધરાયેલ નવીન પહેલ સંદર્ભે માહિતી આપતા કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અમલી બનાવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરના સતત માર્ગદર્શન હેઠળ શિક્ષણ નીતિની અમલવારીમાં ગુજરાત અગ્રેસર છે.

# વાડીનારમાં નયારા એનર્જીએ પેટ્રોકેમિકલ્સમાં પ્રવેશ માટે મહત્વપૂર્ણ પ્રગતિ કરી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯ આંતરરાષ્ટ્રીયસ્તરે કામગીરી ધરાવતી ડાઉનસ્ટ્રીમ કંપની નયારા એનર્જીએ જાહેરાત કરી હતી કે, કંપની પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રમાં પ્રવેશ કરવાના માર્ગેસારી રીતે અગ્રેસર છે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કા અંતર્ગત નયારા ગુજરાતમાં એની વાડિનાર રિફાઇનરી - રિફાઇનરી પ્રોપીલીન રિકવરી યુનિટ ખાતે હાલના એફસીસી યુનિટ (ફ્લુડાઇઝ્ડ કેટાલીટિક ક્રેકિંગ યુનિટ) અને પોલીપ્રોપીલીન યુનિટ (પીપીયુ)ના અપગ્રેડ સાથે વાર્ષિક ૪૫૦ કિલોટનની ક્ષમતા ધરાવતો પોલીપ્રોપીલીન પ્લાન્ટ સ્થાપિત કરી રહી છે. નયારા એનર્જીએ પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રમાં પ્રવેશ કરવા તબક્કાવાર એસેટ ડેવલપમેન્ટ વ્યૂહરચના અપનાવી છે. દેશમાં પેટ્રોકેમિકલનો સૌથી વધુ ઉપભોગ કરતાં વિસ્તાર અને એની જેટ્ટી સાથે નિકટતા ધરાવતા પશ્ચિમ ભારતમાં વ્યૂહાત્મક રીતે સ્થિત ૨૦ એમએમટીપીએની ક્ષમતા ધરાવતી રિફાઇનરી સાથે નયારા ઊંચી વૃદ્ધિ ધરાવતા સેગમેન્ટમાં સારી રીતે પ્રવેશ કરવા સારી સ્થિતિમાં છે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં વિક્રમસમાં ૯૫ ટકા પ્રગતિ હાંસલ થઈ છે અને એનું પ્રથમ પેટ્રોકેમિકલ ઉત્પાદન એટલે કે પોલીપ્રોપીલીનનું ઉત્પાદન નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના ચોથા ત્રિમાસિક ગાળામાં શરૂ થવાની અપેક્ષા છે. વર્ષ ૨૦૨૨માં તાજેતરમાં રિફાઇનરીની કામગીરી બંધ રાખવાના સમયગાળા દરમ્યાન કંપની એના એકમો માટે અને પ્રથમ તબક્કા સાથે સંબંધિત તમામ એકમો માટે નિયમિત જાળવણી, ચકાસણી અને અપગ્રેડની કામગીરી થઈ હતી. નવેસરથી કામ કરવા સજ્જ એફસીસી યુનિટ ૨૦ ડિસેમ્બરના રોજ સલામતીપૂર્વક શરૂ થયું હતું તથા ૨૩ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ સો ટકા યુનિટ થ્રુપુટ હાંસલ થયું હતું. પ્રોજેક્ટની પ્રગતિ પર નયારા એનર્જી લિમિટેડના સીઇઓ ડૉ. એલોઇસ વિરાગે કહ્યું હતું કે, "એફસીસીને રિવેમ્પ કરવાની કામગીરી પૂર્ણ થવાની સાથે અમે અમારા પેટ્રોકેમિકલ પ્રવેશ ઉપર મહત્વપૂર્ણ પ્રગતિ કરી છે. પ્રોજેક્ટનો આયોજિત તબક્કાવાર અમલ નયારાની મેગા પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક ડિલિવર કરવાની ક્ષમતાનો પુરાવો છે. આ ક્ષમતા અમને પ્રોજેક્ટના બીજા મોટા તબક્કા માટે ઉપયોગી બનશે, જે સંકલિત પેટ્રોકેમિકલ સંકુલ રહેશે." કંપનીના પ્રોપીલીન રિકવરી યુનિટ ઉપર મોટા ભાગની કામગીરી પૂર્ણ થવાની સાથે તેને આગામી ફેબ્રુઆરી માસમાં કામગીરી શરૂ થયા અગાઉની પ્રવૃત્તિઓ શરૂ થવાની અપેક્ષા છે. ઉપરાંત પોલીપ્રોપીલીન યુનિટ માટે મોટા ભાગની લોંગ લીડ આઇટમ એક્સટ્રુડર, રિએક્ટર, પ્રોડક્ટ પ્યોર બિન વગેરે સાઇટ ઉપર સ્થાપિત થયા છે અને હવે પાઇપિંગ અને નિર્માણ કાર્યો પૂર્ણ થયાછે.

વાનિન્દુ હસરંગા ટી૨૦ ટીમનો વાઇસ કેપ્ટન

# ભારત સામે વનડે-ટી૨૦ સિરીઝ માટે શ્રીલંકાની ટીમ જાહેર કરાઈ

## ભારત-શ્રીલંકા વચ્ચે આગામી મહિને ત્રણ ટી૨૦ અને ૧૦થી ૧૫ જાન્યુઆરી વચ્ચે ત્રણ મેચની વનડે સિરીઝ રમાશે

નવી દિલ્હી, તા.૨૯ શ્રીલંકાએ ભારત વિરૂધ્ધ આગામી ટી૨૦ અને વનડે સિરીઝ માટે ૨૦ સભ્યોની ટીમની જાહેરાત કરી છે.

ભારત અને શ્રીલંકા વચ્ચે આગામી મહિને ત્રણ ટી૨૦ અને પછી ૧૦થી ૧૫ જાન્યુઆરી વચ્ચે ત્રણ મેચની વનડે સિરીઝ રમાશે. ભારત વિરૂધ્ધ ત્રણ જાન્યુઆરીથી શરૂ થનાર ટી૨૦ સિરીઝ માટે ઓલરાઉન્ડર વાનિન્દુ હસરંગાને શ્રીલંકાની ટીમનો વાઇસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. શ્રીલંકાની પસંદગી સમિતિએ બુધવારે ભારત સામે નિર્ધારિત ઓવરની સિરીઝ માટે ૨૦ ખેલાડીઓની પસંદગી કરી છે. શ્રીલંકાના ખેલ અને યુવા મામલાના મંત્રી રોશન રણસિંઘેએ ટીમ માટે પોતાની મંજૂરી આપી છે. ભાનુકા રાજપક્ષે, નુવાન તુષારા માત્ર ટી૨૦ સિરીઝમાં જોવા મળશે, જ્યારે જેફરી વાન્ડરસે અને નુવાનિડુ ફર્નાન્ડોને વનડે ટીમમાં જગ્યા આપવામાં આવી છે. તો ટી૨૦ અને વનડે સિરીઝ માટે અલગ-અલગ વાઇસ કેપ્ટન બનાવવામાં આવ્યા છે. કુસલ મેન્ડિસને વનડે અને વાનિન્દુ હસરંગાને ટી૨૦ સિરીઝ માટે ટીમનો વાઇસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. આ પહેલા ભારતીય ક્રિકેટ બોર્ડે શ્રીલંકા વિરુદ્ધ આગામી સમાહથી શરૂ થનાર ત્રણ મેચોની ટી૨૦ આંતરરાષ્ટ્રીય અને ત્રણ મેચની વનડે સિરીઝ માટે ટીમની જાહેરાત કરી હતી. પસંદગી સમિતિએ ટી૨૦ સિરીઝ માટે હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યો છે, જ્યારે વનડે ટીમની કમાન રોહિત શર્મા સંભાળશે.

ભારત વિરુદ્ધ શ્રીલંકાની ટીમ : દાસુન શનાકા (કેપ્ટન), પથુમ નિસાંકા, અવિષ્કા ફર્નાન્ડો, સદીરા સમરવિક્રમા, કુસલ મેન્ડિસ, ભાનુકા રાજપક્ષે, ચરિત અશલંકા, ધનંજય ડી સિલ્વા, વાનિન્દુ હસરંગા, એશન બંડારા, મહેશ તીક્ષણા, જેફરી વાન્ડરસે, ચમિકા કરુણારત્ને, દિલશાન મદુશંકા, કસુન રજિથા, નુવાનિડુ ફર્નાન્ડો, દુનિથ વેલાલેજ, પ્રમોદ મદુશન, લાહિરૂ કુમારા, નુવાન તુષારા.

## માણાવદર વ્રજ એપાર્ટમેન્ટમાં એક્ટીવા સળગ્યું

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૯ માણાવદર વ્રજ એપાર્ટમેન્ટ બહારપરા વિસ્તારમાં આવેલા એપાર્ટમેન્ટમાં જીજે-૧૧-સીકે-૧૪૩૦ પાર્ક કરેલ હતું તે ગત રાત્રીનાં સળગી ગયાની નોંધ ફરિયાદી ઉદય ભરતભાઈ કાંચેલા(ઉ.વ.૨૨)એ લખાવેલ છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## છેલ્લા છ વર્ષમાં સૌથી ખરાબ રેન્કિંગ ઉપર પહોંચ્યો કોહલી

નવીદિલ્હી, તા.૨૯ વિરાટ કોહલી ટી૨૦ ક્રિકેટમાં જોરદાર વાપસી કરી ચુક્યો છે પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં તેનું ખરાબ પ્રદર્શન જારી છે. તેની અસર એવી થઈ કે લેટેસ્ટ આઈસીસી ટેસ્ટ રેન્કિંગ્સમાં તેને સ્થાનના નુકસાન સાથે ૧૪માં ક્રમે ખસકી ગયો છે. આ છેલ્લા છ વર્ષમાં તેનું સૌથી ખરાબ ટેસ્ટ રેન્કિંગ છે. આ પહેલા નવેમ્બર ૨૦૧૬માં તે આ સ્થાન ઉપર હતો. શ્રેયસ અય્યરે આ વર્ષે ટેસ્ટ અને વનડે ક્રિકેટમાં ખુબ રન બનાવ્યા છે. બાંગ્લાદેશ વિરૂધ્ધ ટેસ્ટ સિરીઝમાં પણ તેનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. બાંગ્લાદેશ સામે સિરીઝ બાદ રેકિંગમાં અય્યરને મોટો ફાયદો થયો છે. અય્યરે ટેસ્ટ રેન્કીંગમાં ૧૦ સ્થાનની છલાંગ લગાવતા ૧૬મું સ્થાન હાસિલ કર્યું છે. બેટરોના રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયાનો માર્નસ લાબુશેન ટોપ ઉપર યથાવત છે. ત્યારબાદ આ લિસ્ટમાં બાબર આઝમ, સ્ટીવ સ્મિથ, ટ્રેવિસ હેડ અને જો રૂટ ટોપ-૫ બેટર છે.

## માણાવદરમાંથી ૮ પેટી ઈંગ્લીશ દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૨૯ માણાવદર વંથલી રોડ ઉપર આવેલ આઈટીઆઈ પાસેથી ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતાં શખ્સ પાસેથી ૮ પેટી દારૂ પોલીસે ઝડપી લીધેલ છે. પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા રાહુલ તેજાભાઈ ગરચરનાં કબ્જામાંથી ૮ પેટી વિદેશી દારૂ, મોટર સાયકલ, મોબાઈલ મળી કુલ રૂા. ૬૩૪૦૦નો મુદામાલ કબ્જે કરેલ છે. તેમજ એક આરોપી નાશી જતા તેને ઝડપી લેવા ચક્રો ગતીમાન કરેલ છે. આ બનાવની વધુ તપાસ પીએસઆઈ લાલકા ચલાવી રહયા છે.

## ખંભાળિયામાં યોગા ક્લાસનું આયોજન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯ યોગ દ્વારા શારીરિક તથા માનસિક રીતે સ્વસ્થ બનવાના અભિગમનું મહત્વ દિવસે દિવસે વધતું જાય છે. ખંભાળિયામાં પણ અનેક યોગપ્રેમી દ્વારા નિયમિત રીતે યોગ, પ્રાણાયામ કરી અને સ્વસ્થ જીવન જીવવાની દિશામાં મહત્વ આપવામાં આવે છે. આ અંતર્ગત ખંભાળિયામાં શારદા સિનેમા રોડ ઉપર આઈ.આઈ.એફ.એલ. ગોલ્ડ લોન ઓફિસની ઉપરના ભાગે સ્ટાર યોગા કલાસીસ દ્વારા લોકોને કસરત અને મેડીટેશન સાથેના યોગ પ્રાણાયામ ક્લાસીસનું આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ સવારે સાતથી આઠ વાગ્યા સુધી યોજાતા આ યોગ ક્લાસમાં રજીસ્ટ્રેશન કરાવવા માટે મોબાઈલ નંબર ૯૭૨૭૯૦૮૯૯૯ ઉપર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવ્યું છે.

# કરવેરા વસુલાત અંગે ખંભાળિયા નગરપાલિકા આકરા પાણીએ



## મિલકત જપ્તી તથા નળ જોડાણ કાપવાની કાર્યવાહી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯ ખંભાળિયા શહેરમાં વસતા આસામીઓ પાસેથી નિયત કરવેરાની વસુલાત કરવા માટે ખંભાળિયા નગરપાલિકાની કામગીરી અગાઉ તદન નબળી પુરવાર થવા પામી હતી. શહેરમાં લાખો રૂપિયાની વેરા વસુલાત બાકી હોવા છતાં આ અંગેની નોટિસોને અનેક આસામીઓ ઘોળીને પીજતા હોવાનું ચિત્ર ખડું થયું છે. ત્યારે ખંભાળિયા નગરપાલિકા વિસ્તારમાં અનેક આસામીઓ દ્વારા નગરપાલિકાને હાઉસ ટેક્સ, નળ વેરો સહિતના કરવેરા ભરવામાં ન આવતા નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા આ ગંભીર મુદ્દે સ્ટાફ સાથે મીટીંગ કરી, કડક વલણ અખત્યાર કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. જેના અનુસંધાને વસુલાત શાખાના જીજ્ઞેશભાઈ મકવાણા તથા તેમની ટીમ દ્વારા કડક પગલાંઓ શરૂ કરીને શહેરના જુદા જુદા વિસ્તારોમાં અપાયેલી નોટિસ છતાં પણ પૈસા ન ભરતા બે આસામીઓની મિલકત સીલ કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત ત્રણ આસામીઓના નળ કાપવાની કાર્યવાહી પણ કરાઈ હતી. નગરપાલિકા દ્વારા કડક વેરા વસૂલાતની તજવીજના પગલે મિલકત સીલ કરવા જતાં સ્થળ પર જ નાણાં ભરપાઈ કરવા આસામીઓ તૈયાર થઈ ગયા હતા. આના અનુસંધાને તાજેતરમાં એક જ દિવસમાં રેકોર્ડ રૂપ ચાર લાખ રૂપિયાની વેરા વસુલાત થઈ હતી. જો કે નગરપાલિકાની કરવેરાની લેણી રકમનો આંકડો ખૂબ જ મોટો છે. ત્યારે આ કડક ઝુંબેશ હજુ ચાલુ રહે તે અનિવાર્ય ગણાય છે. આ વચ્ચે લોકો તેઓને ભરવાપાત્ર કરવેરો તાકીદે ભરી અને નગરપાલિકાને સહકાર આપે તે માટે પાલિકા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયામાં શૌર્યયાત્રા યોજાઈ : મોટી સંખ્યામાં નગરજનો જોડાયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯ ખંભાળિયામાં વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે ગઈકાલે બુધવારે શૌર્યયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૌર્યયાત્રાનું પ્રસ્થાન અહીંના જોધપુર ગેઈટ પાસે ગાંધીજીની પ્રતિમા પાસેથી સંત લક્ષ્મણ બાપુના હસ્તે ભગવાન શ્રી રામનું દિપ પ્રાગટય તથા પુજન કરીને કરવામાં આવ્યું હતું. આ શૌર્યયાત્રા વાજતે ગાજતે શહેરના વિવિધ રાજમાર્ગો ઉપર ફરી હતી. જેમાં નગરપાલિકાના ઉપપ્રમુખ જગુભાઈ રાયચુરા તથા વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર



પ્રાંતના પ્રવિણસિંહ કંચવા, જિલ્લા કોષાધ્યક્ષ ભમભાપુ, શહેર અધ્યક્ષ જયસુખભાઈ મોદી, બજરંગ દળના અમિતભાઈ જાદવાણી તથા અજયભાઈ નરા, ગૌસેવક દેશુરભાઈ ધમા તેમજ રાવલ, કલ્યાણપુર તથા ભાટીયાના બજરંગ દળના હોદેદારો, ભાજપના પૂર્વ શહેર પ્રમુખ મનુભાઈ મોટાણી, સુધરાઈ સભ્ય શંકર મહારાજ, ભાજપના શહેર મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, યુવા પ્રમુખ વનરાજસિંહ વાઢેર, દિલીપભાઈ ગઢવી, એબીવીપીના સંદિપભાઈ બેરા તથા સભ્યો મિલનભાઈ વારીયા, હાર્દિક મોટાણી, સ્વામી વિવેકાનંદ સ્કૂલ તથા રાજકુમાર હોસ્ટેલના વિદ્યાર્થીઓ, આલ્ફા સ્કુલના વિદ્યાર્થીઓ તથા ખંભાળિયા શહેરની ધર્મપ્રેમી જનતા આ શૌર્યયાત્રામાં સામેલ થયા હતા. આ શૌર્યયાત્રામાં ઉપસ્થિત સર્વેનો આયોજકોદ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# નવા વર્ષની ઉજવણીને શરાબ સાથે શું સંબંધ ?

આપણો ભારત દેશ બીનસાંપ્રદાયિક દેશ છે. અહીં દરેક જ્ઞાતિના, દરેક સંપ્રદાયના પ્રજાજનો, પોતાનો ધર્મ પાળી શકે છે અને પોતાનો તહેવાર કે પર્વ રાજીખુશીથી મનાવી શકે છે. પરંતુ છેલ્લાં કેટલાય વર્ષોથી એક અલગ અને નવો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે કે, કોઈપણ પર્વ કે તહેવારની ઉજવણીના ભાગરૂપે શરાબનું સેવન અનિવાર્ય બની ગયું છે. નવી પેઢીના યુવક અને યુવતીઓને દારૂ વગર પાર્ટી કરવી કે તહેવારની ઉજવણી કરવી અધૂરી લાગે છે. આપણી હિન્દુ સંસ્કૃતિમાં નવું વર્ષ, નૂતન વર્ષ કે બેસતુ વર્ષ કારતક સુદ એકમના દિવસે ગણાય છે.

આપણી સંસ્કૃતિના નવા વર્ષની ઉજવણીને ખાસ મહત્વ આપવામાં આવતું નથી. હવેની નવી પેઢીમાં ખાસ કરીને, આપણું યુવાધન પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાવા લાગ્યું છે અને ડિસેમ્બર મહિનાની થર્ટી ફસ્ટની રાતે ૧૨ વાગ્યા પછી ઝગમગતી આંખોને આંજી દે એવી ઝગમઘાટ રોશનીમાં ખુલ્લી સડક ઉપર કુમળી વયના તેમજ યુવાન વયના યુવક તથા યુવતિઓ, કાન ફાડી નાંખે એવા ડીજેના સથવારે, એકબીજાની કમરમાં હાથ નાંખીને, સમાજની પરવા કર્યા વગર ખુલ્લેઆમ વિચિત્ર ઢબના ડાન્સ કરે છે, જાહેરમાં ફટાકડા ફોડે છે, એકબીજાને આલિંગન આપે છે, એકબીજાને અવનવી ગિફ્ટ આપે છે અને નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે. આ બધું તો ઠીક છે, પરંતુ થર્ટી ફસ્ટની રાતે દેશી તથા વિદેશી દારૂનો દોર આખી રાત સુધી ચાલુ રહે છે અને યુવાધન છાકટુ બની જાય છે. આના ભાગરૂપે ક્યારેક યુવતીઓની છેડતી, પજવણી, અશ્લીલ મજાક, અભદ્ર ચેનચાળા કે બળાત્કાર સુધીના બનાવો બનવાના સંજોગો ઉભા થાય છે. પશ્ચિમની સંસ્કૃતિ આપણી સંસ્કૃતિ કરતાં તદનવિપરીત છે, છતાં, આપણે બધાં એનું આંધળુ અનુકરણ કરીએ છીએ.

હકિકતમાં ડિસેમ્બર મહિનામાં વિદેશોમાં વધારે પ્રમાણમાં ઠંડીનું જોર વધે છે એથી ઠંડીથી રક્ષણ મેળવવા તથા શરીરનું તાપમાન જાળવી રાખવા માટે તેઓ શરાબનો આશરો લ્યેછે. જ્યારે આપણી તો આંબોહવા જ ગરમ છે, તેથી શરાબનું સેવન કરવાથી શરીરને હાનિ જ થાય છે. તહેવારોની ઉજવણીને દારૂ કે શરાબ સાથે કાંઈ લેવાદેવા છે જ નહીં, છતાં, હવે તો કોઈને કોઈ નાનું કે મોટુ પર્વ, ઉત્સવ, તહેવાર, પ્રસંગ, પાર્ટી, વિગેરેમાં અગાઉથી જ શરાબની વ્યવસ્થા કરી દેવામાં આવે છે. પહેલાં તો મદિરા કે શરાબનું સેવન અમુક જ્ઞાતિના જ્ઞાતિજનો જ કરતા હતાં, પરંતુ હવે તો ભદ્ર સમાજના વ્યક્તિઓ પણ દરેક પ્રસંગે શરાબનું સેવન કરે છે. વાત આટલેથી અટકતી નથી, પરંતુ આજની આધુનિક અને ભદ્ર સમાજની સુશિક્ષિત યુવતીઓ તથા મહિલાઓ પણ સિગરેટના કસ અને શરાબની ચુસ્કી લેતાં અચકાતી નથી. વાસ્તવમાં કોઈપણ પ્રસંગની ઉજવણીને શરાબ સાથે કાંઈ નિસ્બત કે લેવાદેવા જ નથી, છતાં "પીનેવાલો કો પીને કા બહાના ચાહિયે" એ ન્યાયે પશ્ચિમી સંસ્કૃતિથી રંગાયેલ, યુવા પેઢી અને હિંદુ સંસ્કૃતિ ભવિષ્યમાં શું કરવટ બદલશે એ તો આવનારો સમય જ બતાવશે.

- યોગેશભાઈ આર. જોષી, હાલોલ

# દ્વારકા જિલ્લામાં અરવિંદ ઘોષના જીવન કવન ઉપર આધારિત વક્તૃત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯ ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આ વર્ષે અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે અરવિંદ ઘોષના જીવન-કવન ઉપર આધારિત વક્તૃત્વ, નિબંધ અને ચિત્રની જિલ્લા કક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા બે વિભાગમાં યોજાશે. જેમાં વિભાગ "અ" ૧૫ વર્ષથી ઉપરના અને ૧૯ વર્ષ સુધીના. વિભાગ "બ" માં ૧૯ વર્ષ ઉપરના અને ૩૫ વર્ષ સુધીના ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા રજીસ્ટ્રેશન ફોર્મ ખંભાળિયામાં લાલપુર બાયપાસ રોડ ઉપર આવેલા જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારી કચેરી, પહેલા માળ, રૂમ નં. C-૧/૨, અને C-૧/૪ ખાતેથી મેળવીને તા.૧૬ જાન્યુઆરી સુધીમાં પરત મોકલવાના રહેશે. જેમાં જિલ્લા કક્ષાના પ્રથમ વિજેતા સ્પર્ધકને રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા મોકલવામાં આવશે. રાજ્યકક્ષાની ત્રણેય સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ દસ સ્પર્ધકોને વિના મુલ્યે સરકારના ખર્ચે પોંડીચેરી ખાતેના અરવિંદો આશ્રમની મુલાકાતે લઈ જવામાં આવશે. વધુ વિગત માટે ખંભાળિયામાં જિલ્લા કલેકટર કચેરી સ્થિત જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# માણાવદરના લીલાવંતીબેનને સરકાર તરફથી મળ્યો ૧૦૦ વારનો પ્લોટ, ઘરના ઘરનું સપનું થશે સાકાર

## પ્લોટ મળતા હવે પાકુ મકાન બનાવીશું : લીલાવંતીબેન



જૂનાગઢ, તા.૨૯

ઘર વિહોણા પરિવારોને ઘરનું ઘર મળી રહે તે માટે રાજય સરકાર કટ્ટીબધ્ધ છે. ઘર વિહોણા પરિવારોને પ્લોટ ફાળવવામાં આવે છે. ત્યારે જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા માણાવદરમાં વિચરતી વિમુક્તિ જાતિના ઘર વિહોણા ૬૨ પરિવારોને રહેણાંક હેતુંમાટે ૧૦૦ વારના પ્લોટ ફાળવવામાં આવ્યા છે. જેમાં માણાવદરના લીલાવંતીબેનને સરકાર તરફથી ૧૦૦ વારનો પ્લોટ મળતા તેમની ખુશીનો પાર રહ્યો નથી. હવે તેમને પ્લોટ મળતા તેના ઉપર પાકુ મકાન બનાવીશું તેમ જણાવ્યું હતું. લીલાવંતીબેન કરશનભાઈ સોલંકી એ જણાવ્યું હતુંકે, રાજ્ય સરકારનો આભાર કે વિનામૂલ્યે માણાવદરમાં પ્લોટ ફાળવી દીધો છે. વર્ષોથી માણાવદરમાં ભાડાના મકાનમાં રહેતા હતા. બાદમાં દિકરાઓને કામ-ધંધા માટે જૂનાગઢ આવવાનું થયું. આથી જૂનાગઢમાં પણ ભાડાના મકાનમાં દિકરા સાથે રહું છું. ઘરનુંઘર બનાવવાનું સપનું તો હતું. પરંતુ તે સપ્નું સાકાર કરવું મુશ્કેલ હતું. ત્યારે મારૂ સપ્નું સરકાર દ્વારા સાકાર થઈ રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિચરતી વિમુક્તિ જાતિના ઘર વિહોણા પરિવારોને માણાવદરમાં પ્લોટ ફાળવાયા છે. તેમાં મનેપણ ૧૪ નંબરનો ૧૦૦ વારનો પ્લોટ ફાળવી દેવામાં આવ્યો છે. આ માટેનો હુકમ જિલ્લાના કલેકટરશ્રી રચિત રાજના હસ્તે અર્પણ કરવામાં આવ્યોહતો. તેનો સવિશેષ આનંદ છે. હવે આ પ્લોટ ઉપર હું અને મારા દિકરા મકાન બનાવી અમારા પોતાના મકાનમાં રહેશું. તંત્ર દ્વારા માણાવદરમાં પ્લોટની માપણી કરીને સોપી દેવામાં આવ્યો છે. આમ, અમારા જેવા નાના માણસોની દરકાર લેવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા માણાવદરમાં ઘર વિહોણા વિચરતી વિમુક્તિ જાતિના ૬૨ પરિવારોને કલેકટર રચિત રાજના હસ્તે ૧૦૦ વારના પ્લોટ ફાળવણીના હુકમનું વિતરણ કરવામાં આવ્યું હતું. હવે આ પરિવારોને મકાન બનાવવામાં પણ સરકારી સહાય મળી રહે તે માટેની કામગીરી કરવામાં આવશે.

# જૂનાગઢના માખિયાળામાં તાલુકાકક્ષાની પશુપાલન શિબિર યોજાઈ

## પશુ સંવર્ધન, દૂધ ઉત્પાદકતા વધારવા અને પ્રાકૃતિક ખેતી વિશે ૩૦૦ જેટલા પશુપાલકોને માહિતગાર કરાયા : ધારાસભ્ય સંજયભાઈ કોરડિયાએ વ્યવસાયિક ઢબે પશુપાલન અપનાવવા કર્યો અનુરોધ





જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢના માખિયાળા ગામે તાલુકાકક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શનનો ૩૦૦ જેટલા પશુપાલકોએ લાભ લીધો હતો. જેમાં પશુપાલકોને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન, દૂધ ઉત્પાદન વધારવા અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી સહિતના મુદ્દે પશુપાલકોને વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું માખિયાળા ગામના ગજેરા સમાજ ખાતે આયોજિત આ શિબિરનો પ્રારંભ કરાવતા ધારાસભ્ય સંજયભાઈ કોરડિયાએ જણાવ્યું કે, ખેતીની સાથે વ્યવસાયિક ધોરણે પશુપાલન અપનાવવામાં આવે તો ખૂબ મોટા લાભો પ્રાપ્ત કરી શકાય છે. તેમજ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવાની સાથે પશુપાલન કરવામાં આવે તો તેના વિશેષ આર્થિક લાભો મેળવી શકાય છે. આમ, ખેતી અને પશુપાલન એકબીજાના પુરક છે. જેને વ્યવસાયિક ધોરણે અપનાવવાથી ખેડૂતોની આવક બમણી થઈ શકે છે. આ શિબિરમાં આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર દિપક રાઠોડ, નાયબ પશુપાલન નિયામક ડો. વિરલ આહિર, મદદનીશ પશુપાલન નિયામક ડો.એ.પી.ગજેરાએ પશુ સંવર્ધન, પોષણ, માવજત, રસીકરણ સહિત પશુ આરોગ્યના મુદ્દે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે ડો.એસ.બી.સાવલિયાએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી સંદર્ભે ઉંડાણપૂર્વક જાણકારી આપી હતી. આ તાલુકા કક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શનનું જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન દિનેશભાઈ ખટારીયા અને જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ મુક્તાબેન પરમાર, જિલ્લા પશુપાલન સમિતિના ચેરમેનના પ્રતિનિધિ જોલિતભાઈ બુસા, જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન પ્રવિણભાઈ પટોળિયા, જિલ્લા પંચાયતના સદસ્ય કાંતિભાઈ ગજેરા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરને સફળ બનાવવા માટે ડો.દૂધાત્રા સહિત તાલુકાની પશુપાલન ટીમે જહેમત ઉઠાવી હતી.

# અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત જીલ્લાકક્ષાની વકતૃત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધા યોજાશે

જૂનાગઢ,તા.૨૯

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢ દ્વારા અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત અરવિંદ ઘોષના જીવન કવન ઉપર આધારીત વક્તૃત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન બે વિભાગમાં યોજાશે જેમાં અ વિભાગમાં ૧૫ વર્ષથી ઉપરના અને ૧૯ વર્ષ સુધીના તથા બ વિભાગમાં ૧૯ વર્ષ થી ઉપરના અને ૩૫ વર્ષ સુધીના સ્પર્ધકો ભાગ લઈ શકશે. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ આવનાર વિજેતા સ્પર્ધકને રાજ્યકક્ષાએ ભાગ લેવા જવાનું રહેશે. રાજ્યકક્ષાની ત્રણેય સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ૧૦ સ્પર્ધકોને વિના મુલ્યે પોંડીચેરી ખાતેના શ્રી અરવિંદો આશ્રમની મુલાકાતે સરકારશ્રીના ખર્ચે લઈ જવામાં આવશે. જિલ્લાકક્ષા વકતૃત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતાં જુનાગઢ શહેર અને ગ્રામ્યકક્ષાના કલાકારોએ નિયત નમૂનાનું અરજી ફોર્મ ફેસબૂક આઈ.ડી **Dso junagadhcity** ઉપરથી અથવા રૂબરૂ મેળવી સંપૂર્ણ વિગતો ભરીને આધારકાર્ડની નકલ સાથે "જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જૂનાગઢ, બ્લોક નં.૧ , પ્રથમ માળ , બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ 'ખાતે તા.૦૯/૦૧/૨૦૨૩નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં રૂબરૂ / ટપાલથી મોકલી આપવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. એમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# કોડીનારના મજૂરી કામ કરતા સલીમભાઈને સોનાનું પેન્ડલ મળતા માંગરોળનાં મુળ માલિકને પરત કર્યુ

(મુગલ અલ્તાફ દ્વારા)


કોડીનાર તા.૨૯



કોડીનાર શહેરના વિરાટ નગરમાં રહેતા અને મજૂરી કામ કરી પરીવારનું ગુજરાન ચલાવતા સલીમભાઈ રહેમાનભાઈ શેખને માંગરોળ ખાતેથી સોનાનાં દાગીના મળતા તેમણ કોડીનાર પોલીસની મદદથી મૂળ માલિકને સોનાના દાગીના સહી સલામત પરત કરી ઈમાનદારીનું ઉતમ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. આ અંગેની વિગત મુજબ સલીમભાઈ તા. ૨૬/૧૨/૨૦૨૨ ના રોજ માંગરોળ તેમના અંગત કામ માટે ગયા હતા ત્યારે બપોરના બે વાગ્યા આસપાસ માંગરોળ બાયપાસ રોડ ઉપર નિકળતા તેને એક સોનાનું પેન્ડલ મળી આવ્યું હતું તેમણે માંગરોળ આજુ બાજુ એરિયામાં તપાસ કરી પણ કોઈ તેનું મૂળ માલિક ન મળતા સલીમભાઈએ કોડીનાર પરત આવી કોડીનાર પોલિસ સ્ટેશનમાં જઈ પીઆઈ મકવાણાને મળીને સોનાનાં પેન્ડલ અંગે જાણ કરી સોનાનો પેંદલ જમાં કરાવી તેની પ્રામાણિકતા અને માનવતાનું ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું ત્યારરબાદ પી.આઈ. મકવાણા દ્વારા માંગરોળ તપાસ કરતા સોનાનાં પેન્ડલના માલિક અબુબકર દાઉદભાઈ બોબડાને શોધી કાઢી તેમને માલિક કોડીનાર બોલાવી કોડીનારના ડી સ્ટાફના હેડ કોન્સ્ટેબલ દિનેશ બારડના હાથે સોનાનું પેન્ડલ તેમને પરત કર્યો હતો.

# ખંભાળિયાની જનરલ હોસ્પિટલમાં કોરોનાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા તમામ સુવિધાઓ ઉપલબ્ધ

## સાંસદ પૂનમબેન માડમ, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ સહિતનાએ સમીક્ષા કરી : લોકોને બુસ્ટર ડોઝ લેવા તેમજ કોરોના ગાઈડલાઈનનું પાલન કરવા સાંસદની અપીલ







(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૯

કોરોનાની સંભવિત સ્થિતિને ધ્યાને લઈ રાજ્ય સરકાર તેમજ તમામ જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતેની જનરલ હોસ્પિટલમાં મોકડ્રિલ યોજાઈ હતી. જેમાં સાંસદ પૂનમબેન માડમે ઉપસ્થિત રહીને કોરોનાની સ્થિતિને પહોંચી વળવા તમામ પ્રકારની તૈયારીઓની સમીક્ષા કરી હતી. સાંસદ પૂનમબેન માડમે કોવિડ હોસ્પિટલની મુલાકાત કરી હતી. તેમજ ઓક્સીજન પ્લાન્ટ, બેડ, કોવિડ ટેસ્ટિંગ માટે કીટની ઉપલબ્ધિ, દવાઓ, એમ્બ્યુલન્સ, વેન્ટિલેટર સહિત તમામ પ્રકારના સાધનોનું નિરીક્ષણ કર્યુ હતું. દર્દીઓની તમામ જરૂરિયાતને પહોંચી વળવા અંગે હોસ્પિટલના ડોકટરોને સૂચનો કર્યા હતા સાંસદએ હોસ્પિટલમાં ઓપીડી વિભાગ તેમજ દાખલ દર્દીઓના પરિજનો સાથે વાતચીત કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું તેમજ હોસ્પિટલ સ્ટાફને જરૂરી સૂચનો આપી દર્દીઓની પૂરતી તકેદારી રાખવા સૂચનો કર્યા હતા. સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, લોકો કોરોનાને લઈને સાવચેત રહે તે હેતુથી આજે દેશભરમાં મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું છે. ખંભાળિયા ખાતેની જનરલ હોસ્પિટલમાં કોરોનાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે તમામ સુવિધાઓ છે. તેમજ લોકોને કોરોનાની ગાઈડ લાઈનનું પાલન કરવા, બુસ્ટર ડોઝ લેવા, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અને સુરક્ષિત રહેવા સાસંદશ્રી દ્વારા અપીલ કરવામાં આવી હતી. જનરલ હોસ્પિટલ ખાતે યોજાયેલ મોકડ્રિલમાં જિલ્લા કલેકટર એમ.એ.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનો, જિલ્લા આરોગ્ય અધિકારી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## જુવેનાઈલ ડાયાબીટીસ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા

# જૂનાગઢ ખાતે ટાઈપ-૧ ડાયાબીટીસ અવરનેશ કેમ્પ યોજાયો

જૂનાગઢ, તા.૨૯

જુવેનાઈલ ડાયાબીટીસ ફાઉન્ડેશન -રાજકોટના જૂનાગઢ ઝોન દ્વારા ગત તા.૧૮/૧૨/૨૦૨૨નો રવિવારના રોજ મેડીકલ કોલેજ-જૂનાગઢના સહયોગથી જૂનાગઢ ખાતે ટાઈપ-૧ ડાયાબીટીસ ધરાવતા મેમ્બર્સ માટે મેનોજવેલ-લીવવેલ અંતર્ગત એક નીઃશુલ્ક એવરનેશ કેમ્પનું આયોજન કરેલ હતું. આ કેમ્પમાં અંદાજે ૧૨૫ જેટલા જે.ડી. મેમ્બર્સ તથા તેમના વાલીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં દરેક જે.ડી. મેમ્બર્સને કણસાગરા લેબોરેટી દ્વારા ફ્રીમાં રીપોર્ટ કરી આપેલ તથા અપુલભાઈ દોશી (મે.ટ્રસ્ટી જે.ડી.એફ રાજકોટ) દ્વારા દરેક જે.ડી. મેમ્બર્સને સારવારમા ઉપયોગી કીટનું વિતરણ પણ કરેલ તેમજ યુ.કે. સેવા સમિતિના દાતા રાકેશભાઈ સોલંકી તરફથી દરેક જે.ડી.મેમ્બર્સનો તથા તેમના વાલીઓનો ભોજન કરાવેલ અનો જયકીશભાઈ દેવાણી તરફથી પણ આર્થિક સહયોગ આપવામાં આવ્યો હતો. આ કેમ્પમાં સહકારી ક્ષેત્રના ડોલરભાઈ કોટેચા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, મેયર ગીતાબોન પરમાર, અમીતભાઈ ચરાડાવા સહીતના મહાનુભાવો તથા સ્વામિનારાયણ મોટા મંદિરેથી પ.પૂ.શ્રી કોઠારી સ્વામિ પ્રેમસ્વરૂપદાસજી પણ હાજર રહીનો બધા જે.ડી.મેમ્બર્સને પ્રોત્સાહીત કરી શુભાશીષ પાઠવ્યા હતા.

આ કેમ્પને સફળ બનાવવા યતિનભાઈ કારીયા તથા ડો.વિનાયક ભાણવડીયા તથા જૂનાગઢ ઝોનના દરેક કમીટી મેમ્બર્સ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# ખંભાળિયામાં માનવસેવા સમિતિ દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો





(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયાની માનવ સેવા સમિતિના ઉપક્રમે લલીતાબેન પ્રેમજીભાઈ બદીયાણી હોસ્પિટલ ખાતે સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે વિનામૂલ્યે નેત્ર નિદાન, સારવાર તથા શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. લંડન (યુ.કે.) સ્થિત મિલન નટવરલાલ રાસના આર્થિક સહયોગથી (હ. ચંદુભાઈ ગોકાણી) યોજવામાં આવેલા આ કેમ્પમાં રાજકોટની રણછોડદાસજી બાપુ ચેરીટેબલ આંખની હોસ્પિટલના નિષ્ણાંત ડોકટરો અને ટેકનિશિયનોએ સેવા આપી હતી. આ કેમ્પમાં ૧૬૦ જેટલા દર્દીઓને તપાસી, દવા તથા સારવાર આપવામાં આવી હતી. જે પૈકી ૪૪ દર્દીઓને ઓપરેશનની જરૂર જણાતાં આ જ દિવસે બસ દ્વારા રાજકોટની રણછોડદાસજી બાપુ ચેરીટેબલ આંખની હોસ્પિટલ ખાતે લઈ જઈને બીજા દિવસે ઓપરેશન કરી, ત્રીજા દિવસે અત્રે પરત લઈ આવવામાં આવ્યા હતા.

દર્દીઓને આ તમામ સેવા વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ આયોજન માટે સંસ્થાના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણીએ ઉપસ્થિત રહી, જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સંસ્થાના ટ્રેઝરર અને ટ્રસ્ટી જગદીશભાઈ ચાવડા, સેક્રેટરી મનુભાઈ પાબારી, વિમલભાઈ સાયાણી તેમજ સુભાષભાઈ બારોટે કેમ્પ સંદર્ભે જરૂરી કામગીરી કરી હતી. આ કેમ્પને સફળ બનાવવા હોસ્પિટલના મેનેજર અભિષેક સવજાણી, રાહુલ કણજારીયા તેમજ ટ્રસ્ટી નાથાલાલભાઈ બદીયાણીએ જહેમત ઉઠાવી હતી. દાતા પરિવારના અહીં ખાતેના પ્રતિનિધિ દીપકભાઈ મશરૂએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# દ્વારકા જીલ્લામાં સતત ત્રીજી વખત પ્રભારી મંત્રી તરીકે ભાજપના મંત્રી કુંવરજીભાઈ બાવળીયા

## ખંભાળિયાના ધારાસભ્ય મુળુભાઈ જામનગર અને સુરેન્દ્રનગરના પ્રભારી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ગુજરાત રાજયમાં યોજાઈ ગયેલી વિધાનસભાની ચૂંટણી બાદ રાજયના નવા મંત્રીમંડળમાં ગઈકાલે જિલ્લાના પ્રભારી મંત્રીઓ તરીકેની પસંદગી કરવામાં આવી હતી. જેમાં દ્વારકા જિલ્લામાં કોંગ્રેસી મૂળના અને હાલ ભાજપના મંત્રીને પ્રભારી તરીકે મૂકવાની હેટ્રિક થઈ છે. અગાઉ કોંગ્રેસી મૂળના જવાહરભાઈ ચાવડા અહીંના પ્રભારી હતા. ત્યારબાદના પ્રભારી બ્રિજેશ મેરજા પણ મૂળ કોંગ્રેસી હતા. આ પછી ગઈકાલે થયેલી નિયુક્તિમાં કુંવરજીભાઈ બાવળિયાને દ્વારકા જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે મૂકવામાં આવ્યા છે, જે અગાઉ કોંગ્રેસમાં હતા. જો કે કુંવરજીભાઈ પીઢ તથા અનુભવી મંત્રી હોય, ગત વખતેના પ્રભારીની દ્વારકા જિલ્લા પ્રત્યેની નબળી મનાતી કામગીરી આ વખતે સુદ્રઢ બનશે અને જિલ્લાનો વિકાસ થશે તેવું માનવામાં આવી રહ્યું છે. આ સાથે ખંભાળિયાના ધારાસભ્ય તથા અગાઉના જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ તેમજ જામનગરથી ધારાસભા લડી ચૂકેલા મુળુભાઈ બેરાને જામનગર તથા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે મૂકવામાં આવતા પાંચમી વખત મંત્રી બનેલા મુળુભાઈના બહોળા અનુભવનો લાભ જામનગર તથા સુરેન્દ્રનગર જિલ્લાને મળશે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં કડક નિયમોની અમલવારીથી ગુટલીબાજ શિક્ષકો નિયમિત થયા

## શિક્ષણ કચેરીમાં સૌ પ્રથમ વખત સીસીટીવી કેમેરાની સુવિધા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯



"બાલ દેવો ભવ:"ના અભિગમ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શિક્ષણઅધિકારી દ્વારા તમામ સ્તરે શિક્ષણલક્ષી નક્કર પગલાઓ લેવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણાધિકારી તરીકે તાજેતરમાં આવેલા એસ.જે.

ડુમરાણીયા દ્વારા જિલ્લામાં વિદ્યાર્થીઓ માટે વધારાની સવલતો અને સગવડો શરૂ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લો રાજયનો છેવાડાનો જિલ્લો હોય, અંતરિયાળ ગામોની શાળાઓમાં ચાર-પાંચ શિક્ષકો વચ્ચે દરરોજ એકાદ શિક્ષક "ઘેરહાજર" રહીને સેટિંગ કરતા હોય તેવું બનતું હતું. જે સંદર્ભે નવનિયુક્ત જિલ્લા શિક્ષણાધિકારી એસ.જે. ડુમરાણીયાએ આ મુદ્દે તમામ સરકારી શાળાઓમાં થમ્બ ઈમ્પ્રેસના નિયમથી આવવા-જવાની હાજરી સમય સાથે પુરવા માટે તેમજ જયાં થમ્બ ઈમ્પ્રેસની સગવડ ન હોય ત્યાં મસ્ટરમાં સહી કરી હોય તેના ફોટા શાળા શરૂ થયાના ૧૫ મિનિટ પછી આપવાનો નિયમ લાગુ કરીને ફોટાની તપાસણી તથા ચેકિંગ પણ શરૂ કરવામાં આવતા કેટલાક ગુટલિબાજ શિક્ષકો નિયમિત થઈ ગયા છે. અનેક શિક્ષકો શાળાઓમાં મોડા જતા. તેના બદલે હવે શાળાના નિયત સમય પછી ૧૫ મિનિટ બાદ આવનાર શિક્ષકની સી.એલ. મૂકવાના નિયમથી તથા તેના કડક નિયમની અમલવારીથી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હવે નિયમિતતા સાથે શિક્ષકોની સો ટકા હાજરી પણ થવા લાગી છે. જેથી શિક્ષણની ગુણવત્તાનું પ્રમાણ સુધરશે તે વાત પણ ચોક્કસ મનાય છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની અંદર તથા બહારથી નિયમિત સાફ-સફાઈ થાય અને સ્વચ્છતા રહે તે માટે રાજયમાં સૌપ્રથમ વખત અહીં સી.સી.ટી.વી. દિવ્ય અને શ્રાવ્યની પ્રથમ વખત વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી મુલાકાતિઓના પ્રતિભાવો તથા પ્રત્યાઘાતો પણ રેકોર્ડ કરી, સાંભળીને તેનો અમલ કરી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ જિલ્લા શિક્ષણાધિકારી તરીકે ડુમરાણીયા અહીં પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ચાર્જમાં હતા, ત્યારે તેમણે હાજરી માટે થમ્બ ઈમ્પ્રેસની સવલતો સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લા તથા જામનગરમાં પણ શરૂ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# નશાના વધતા ચલણ સામે સમાજે પણ જાગૃત થવું પડશે

આમ તો ડ્રગ્સની જાળ આખા દેશમાં ફેલાયેલી છે, પરંતુ ગયા વર્ષે સૌથી વધુ ડ્રગ્સ ગુજરાતમાંથી પકડાયું હતું. દેશભરમાંથી ભારે માત્રામાં ડ્રગ્સ પકડાયા બાદ એ સવાલ ઊઠવો સ્વાભાવિક છે કે દેશમાં આટલું ડ્રગ્સ ક્યાંથી અને કેવી રીતે આવે છે? આવા સમયે ગૃહમંત્રી અમિત શાહનું દેશમાં નશાના કારોબારના સામના માટે કેન્દ્ર અને રાજ્યોએ સાથે મળીને લડવાની જરૂરિયાત રેખાંકિત કરવું સમયની માંગ છે. કમ સે કમ આ એવો વિષય નથી, જેના ઉપર રાજ્યો અને કેન્દ્રની એજન્સીઓ વચ્ચે કોઈ પ્રકારનો મતભેદ દેખાય. જ્યાં નશાનું ચલણ નવી પેઢીને બરબાદ કરી રહ્યું છે, ત્યાં જ તેનો કારોબાર આતંકીઓ અને અપરાધીઓ માટે મદદગાર બની રહ્યો છે. દેશવિરોધી તત્ત્વો સામાન્ય રીતે નશાના કારોબારમાં પણ લિપ્ત રહે છે. નશાનો કારોબાર દેશના અર્થતંત્રને પણ કમજોર કરવાનું કામ કરે છે. એ સાચું કે હાલના સમયમાં નશાની તસ્કરી રોકવા માટે કેન્દ્ર સરકારની સાથે રાજ્ય સરકારો પણ સક્રિય થઈ છે, પરંતુ નશાના કારોબારીઓ ઉપર અંકુશ લગાવવો એટલે કઠિન છે, કારણ કે કેટલીક વિદેશી શક્તિઓ ભારતમાં માદક પદાર્થો ખપાવી રહી છે. તેમનું કામ એટલે આસન થઈ ગયું છે, કારણ કે અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબ્જા બાદ ત્યાં અફીણની ખેતી વધી છે. તેની સાથે જ અફીણથી બનનારા નશીલા ઉત્પાદનોને વિભિન્ન દેશોમાં ખપાવવાનો સિલસિલો પણ ઝડપી બન્યો છે. તેમાં પાકિસ્તાનનો પણ હાથ છે અને એ જ કારણે ગૃહમંત્રીએ એમ કહીને એના ઉપર નિશાનો સાધ્યો કે જે ભારતમાં આતંકવાદ ફેલાવે છે, તેઓ જ દેશમાં નશાના કારોબારને ઉત્તેજન આપે છે.

નશાના કારોબારીઓ હરસંભવ રસ્તે અને ત્યાં સુધી કે ડ્રોન, સુરંગ દ્વારા પણ સીમાંત રાજ્યોમાં માદક પદાર્થ મોકલી રહ્યા છે, ત્યારે કેન્દ્ર અને રાજ્યની તમામ એજન્સીઓએ સતર્કતા રાખવાની સાથે જ પરસ્પર સમન્વય પણ વધારવો પડશે. એ સારી વાત છે કે નશામુક્ત ભારતનું સપનું સાકાર કરવા માટે લોકસભા સદસ્યો નશા વિરૂધ્ધ વ્યાપક અભિયાન ચલાવવા અને સામુહિકતાથી કાર્ય કરવાનો સંકલ્પ લીધો, પરંતુ આ સંકલ્પનો ભાવ જમીન ઉપર પણ દેખાવો જોઈએ. આ અપેક્ષા એટલા માટે, કારણ કે કેટલાક સીમાંત રાજ્યોમાં બીએસએફ દ્વારા નશાના તસ્કરો વિરૂધ્ધ કાર્યવાહી કરવાના અધિકારોનો વિરોધ કર્યો છે. આ વિરોધનો શો મતલબ? કારણ કે જો સીમાઓની સુરક્ષા કરી રહેલ કેન્દ્રીય બળો નશીલા પદાર્થોની જપ્તી અને નશાના તસ્કરોની ધરપકડ કરતા હોય તો તેમને તેમના વિરૂધ્ધ કેસ નોંધવાનો અધિકાર પણ મળવો જ જોઈએ. સમજવું મુશ્કેલ છે કેટલાંક રાજ્યો દ્વારા બીએસએફને આપવામાં આવેલ આ અધિકાર ઉપર વાંધો ઉઠાવવા પાછળ શો ઈરાદો છે. આ વાંધાથી કેન્દ્રીય સુરક્ષા દળો પ્રત્યે અવિશ્વાસ જ પ્રગટ થાય છે. નશામુક્ત ભારતના સંકલ્પને પૂરો કરવા માટે એ પણ જરૂરી છે કે નશાના ચલણ વિરૂધ્ધ સમાજ પણ જાગૃત થાય, કારણ કે યુવાઓને નશાના કાદવમાં ધકેલાઈ રહ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પોતાની નીંદા સહન કરનાર વ્યક્તિએ
સમગ્ર વિશ્વ ઉપર વિજય મેળવ્યો છે.

- મહાભારત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, પોષ સુદ-૭ ગુરૂ ગોવિંદસિંહ જયંતિ, પંચક તા.૨૯ ડિસેમ્બર ૨૦૨૨, ગુરૂવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૫, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, વ્યતિપાત યોગ, ગર કરણ, સૂ.ઉ.૭ઃ૩૨, સૂ.અ.૬ઃ૧૪

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પ્રિયજનથી સાહકાર મળે. વ્યર્થ કંટાળાનું ભોગ બનવું પડે.
વૃષભ: કાર્ય વિલંબથી પૂર્ણ થાય. આવક કરતા જાવક વિશેષ રહે.
મિથુન: મનની મનમાં રહે. વ્યર્થ પુરુષાર્થ થાય.
કર્ક : આર્થિક સમસ્યા હળવી બને. સંતાનથી લાભ.
સિંહ: અટકી પડેલા કાર્ય પૂર્ણ થાય. મન પ્રફુલિત રહે.
કન્યા: માનસિક અસ્વસ્થતા રહે. ગૃહવિવાદ થાય.
તુલા : સામસ્યાનો ઉકેલ મળે. મનોકામના પૂર્ણ થાય.
વૃશ્ચિક : વ્યર્થ ભાગદોડ થાય. કાર્ય વિલંબમાં પડે.
ધન : મિલન-મુલાકાત સફળ બને. મન પ્રફુલિત રહે.
મકર : કૌટુંબિક ઘર્ષણનો યોગ છે. તાબિયત બાબતે સંભાળવું.
કુંભ : ચિંતાનો ઉકેલ મળે. બુધ્ધિ અને ચતુરાઈથી આયોજન પાર પાડી શકશો.
મીન : મનની મુરાદ બર ન આવે. પ્રવાસથી લાભ થાય.

# રિલાયન્સ ફાઉન્ડેશ દ્વારા ધીરૂભાઈ અંબાણીની ૯૦મી જન્મજયંતિ નિમિત્તે મોટી શિષ્યવૃત્તિ પ્રતિબદ્ધતાની જાહેરાત કરાઈ

**મેરિટ-કમ-મીન્સ અન્ડર ગ્રેજ્યુએટ સ્કોલરશિપ હેઠળ કોઈપણ ક્ષેત્રમાં અભ્યાસ માટે રૂા. ૨ લાખ સુધીની ગ્રાન્ટ અપાશે : મેરીટ આધારિત પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કોલરશીપમાં એન્જિનિયરિંગ, ટેકનોલોજી અને લાઈફ સાયન્સના પસંદગીના ક્ષેત્રોમાં અભ્યાસ માટે રૂા. ૬ લાખ સુધીની જોગવાઈ છે અને તેની સાથે એક સર્વગ્રાહી વિકાસ કાર્યક્રમનો પણ સમાવેશ થાય છે**



મુંબઈ, તા.૨૯

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સ્થાપક - ચેરમેન ધીરૂભાઈ અંબાણીની ૯૦મી જન્મજયંતિના પ્રસંગે, રિલાયન્સ ફાઉન્ડેશને જાહેરાત કરી હતી કે તે ભારતમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે આગામી ૧૦ વર્ષમાં ૫૦,૦૦૦ શિષ્યવૃત્તિઓ આપશે અને યુવાનો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને નોંધપાત્ર રીતે મજબૂત કરશે.

૨શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે, રિલાયન્સ ફાઉન્ડેશન રૂા.૨ લાખ સુધીની આશરે ૫,૦૦૦ મેરિટ-કમ-મીન્સ અન્ડરગ્રેજ્યુએટ શિષ્યવૃત્તિ અને રૂા.૬ લાખ સુધીની આશરે ૧૦૦ મેરિટ-આધારિત અનુસ્નાતક શિષ્યવૃત્તિઓ એનાયત કરશે, બંને શિષ્યવૃત્તિ અભ્યાસના સંપૂર્ણ સમયગાળા માટે હશે. અરજીઓ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી સ્વીકારવામાં આવશે.

ધીરૂભાઈ અંબાણી યુવાનોની શક્તિ અને ક્ષમતામાં મોટા વિશ્વાસ ધરાવતા હતા. તેમની ૯૦મી જન્મજયંતિ નિમિત્તે આગામી ૧૦ વર્ષમાં રિલાયન્સ ફાઉન્ડેશન અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ સ્કોલરશિપ દ્વારા ૫૦,૦૦૦ શિષ્યવૃત્તિઓ આપવાની અમારી પ્રતિબદ્ધતા જાહેર કરતાં આનંદ અનુભવીએ છીએ. મુકેશ અને હું માનીએ છીએ કે યોગ્ય સમર્થન સાથે, આ પેઢી જ્ઞાન, નવીનતા દ્વારા ભારતની વિકાસગાથાના સૌથી ભવ્ય આગામી અધ્યાય લખશે.

ભારતની અડધી વસ્તી, અથવા ૬૦૦ મિલિયનથી વધુ ભારતીયો, ૨૫ વર્ષથી ઓછી ઉંમરના છે. રિલાયન્સ ફાઉન્ડેશન ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં યુવાનોની પહોંચને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે. આ વર્ષે, રિલાયન્સ ફાઉન્ડેશનની અંડરગ્રેજ્યુએટ શિષ્યવૃત્તિનો હેતુ અંડરગ્રેજ્યુએટ કોલેજ શિક્ષણ માટે મેરિટ-કમ-મીન્સમાપદંડના આધારે આશરે ૫,૦૦૦ જેટલા હોશિયાર વિદ્યાર્થીઓને ટેકો આપવાનો અને તેમને આર્થિક બોજ વિના તેમનો અભ્યાસ ચાલુ રાખવા માટે સશક્ત બનાવવાનો છે. શિષ્યવૃત્તિનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સફળ વ્યાવસાયિકો બનાવી અને તેમના સપનાને સાકાર કરવા, પોતાની જાતને અને તેમના સમુદાયોને ઉપર લાવવાની તેમની ક્ષમતાને સક્ષમ બનાવવાનો અને ભારતના ભાવિ સામાજિક-આર્થિક વિકાસમાં યોગદાન આપવાનો છે. શિષ્યવૃત્તિ અનુદાન ઉપરાંત, રિલાયન્સ ફાઉન્ડેશન અંડરગ્રેજ્યુએટ શિષ્યવૃત્તિ બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના વાઈબ્રન્ટ નેટવર્ક અને સક્ષમ સિસ્ટમનો ભાગ બનવાની તક પૂરી પાડશે. જે વિદ્યાર્થીઓની કૌટુંબિક આવક રૂ. ૧૫ લાખથી ઓછી છે અને તેઓએ કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક અભ્યાસ માટે અરજી કરી છે તે આ શિષ્યવૃત્તિ માટે અરજી કરી શકે છે. આ કાર્યક્રમનો હેતુ કન્યાઓ અને ખાસ વિકલાંગ વિદ્યાર્થીઓની અરજીઓને પ્રોત્સાહિત કરવાનો પણ રહેશે.

રિલાયન્સ ફાઉન્ડેશન અનુસ્નાતક શિષ્યવૃત્તિનો ઉદ્દેશ્ય ભારતના આશરે ૧૦૦ સૌથી પ્રતિભાશાળી અનુસ્નાતક વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવાનો અને આગળ વધારવાનો છે, કે જેઓ સમાજના લાભ માટે મોટું વિચારી શકે, પર્યાવરણ વિશે વિચારી શકે, ડિજિટલ વિચાર કરી શકે, અને દર વર્ષે શ્રેષ્ઠતા હાંસલ કરી શકે. આ યોગ્યતા-આધારિત શિષ્યવૃત્તિ, અરજી કરવા બધા માટે ખુલ્લી છે અને તેનો હેતુ આવતીકાલના ભાવિ નેતાઓને ઓળખી અને તેમને ઘડવાનો છે. આ સ્કોલરશિપ આકરી પસંદગી પ્રક્રિયા બાદ આપવામાં આવશે, જેમાં અગ્રણી નિષ્ણાતો દ્વારા ઈન્ટરવ્યુ લેવામાં આવશે. કમ્પ્યુટર સાયન્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મેથેમેટિક્સ એન્ડ કમ્પ્યુટિંગ, ઈલેક્ટ્રિકલ અને/ અથવા ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ, કેમિકલ એન્જિનિયરિંગ, મિકેનિકલ એન્જિનિયરિંગ, રિન્યુએબલ એન્ડ ન્યૂ એનર્જી, મટિરિયલ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ અને લાઈફ સાયન્સિસ જેવા ક્ષેત્રોમાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓની પસંદગી મેરિટના આધારે કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓ તેમના અનુસ્નાતક અભ્યાસના પ્રથમ વર્ષમાં નોંધાયેલા છે તેઓ અરજી કરી શકે છે. ઉદાર અનુદાન ઉપરાંત, રિલાયન્સ ફાઉન્ડેશન પોસ્ટગ્રેજ્યુએટ સ્કોલરશિપ એક સંપૂર્ણ વિકાસ કાર્યક્રમ પ્રદાન કરશે, જેમાં નિષ્ણાંતો સાથે વિચારોની આપ-લે, ઉદ્યોગમાં સંપર્ક અને સ્વૈચ્છિક તકોનો સમાવેશ થાય છે. ધીરૂભાઈ અંબાણી શિષ્યવૃત્તિ, ૧૯૯૬માં શરૂ કરવામાં આવી હતી અને ૨૦૨૦માં શરૂ કરાયેલ રિલાયન્સ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિએ ભારતભરના ૧૩,૦૦૦ યુવાનોના જીવનને ટોચની સંસ્થાઓમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવવા અને તેમના સમુદાયોમાં અને ભારત અને વિદેશમાં પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં અગ્રણી હોદ્દો પ્રાપ્ત કરવામાં મદદ કરી છે. રિલાયન્સ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિ હેઠળ પ્રતિભાશાળી અન્ડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને સામાજિક સુધારા માટે નવીનતા લાવવા, સશક્ત બનાવવા માટે સર્વગ્રાહી રીતે સક્ષમ બનાવ્યા છે. આ પ્રયાસો મારફતે, રિલાયન્સ ફાઉન્ડેશન સ્કોલરશિપ ભારતના યુવાનોની શૈક્ષણિક ઉત્કૃષ્ટતા તરફની પ્રેરણાને મજબૂત કરવાનો અને તેમના વ્યાવસાયિક વિકાસને વેગ આપવાનો છે.

# માંગરોળ તાલુકાના રહીજ ગામથી દ્વારકા સુધીની પદયાત્રા યોજાઈ






(રાકેશ સામાણી દ્વારા)


દ્વારકા, તા.૨૯

દ્વારકાધીશ પદયાત્રા મંડળ દ્વારા આયોજિત ૧૭મી પદયાત્રા યોજાઈ હતી જેમાં માલદે ભગત નિશ્રામાં, ગોવિંદભાઈ ચોચા, ડો.વેજાભાઈ ચાંડેરા સહિતના સૌ ભકતજનો જૂનાગઢના માંગરોળ તાલુકાના રહીજ ગામથી દ્વારકા સુધી ૧૮૦ કિ.મી. ભગવાન દ્વારકાધીશના ગુણલા ગાતા ગાતા, રાસ ગરબાની રમઝટ સાથે અઢારેય વરણના ભાઈઓ - બહેનો જ્ઞાતિ, જાતીના ભેદભાવ વગર સ્વખર્ચે યુવાનથી લઈ ૯૦ વર્ષની ઉમરે પોચેલા લોકો પણ જોડાય છે. 'કૃષ્ણધામ રજ'ના સ્થાપક પ્રમુખ ગોવિંદભાઈ ચોચા અને તેમની સમગ્ર ટીમ પણ પ્રસ્થાનથી લઈ પદયાત્રા સંઘ દ્વારકા પહોચે તેમાં પદયાત્રીને ઉત્સાહમય રહે તેવા પ્રયત્નો કરતા રહે છે. દરેક પદયાત્રી ભગવાન દ્વારકધીશના ચરણોમાં શીશ ઝૂકાવવા થનગની રહ્યો હોય છે અને તેના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવે છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં કોરોના સંદર્ભે મોકડ્રીલ યોજાઈ

**ખંભાળિયા તેમજ દ્વારકા તાલુકામાં ગુણવત્તા ચકાસણીના કાર્યક્રમો થયા**





(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

હાલ સમગ્ર વિશ્વના અનેક દેશોમાં જ્યારે કોરોના રોગચાળો વકર્યો છે, ત્યારે ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૂચન મુજબ ગઈકાલે મંગળવારે દ્વારકા ખાતે આવેલી સરકારી હોસ્પિટલ ખાતે આવેલ પી.એસ.એ. ઓકસીજન પ્લાન્ટ, સંલગ્ન સાધન સામગ્રી, મેન પાવર તેમજ કોરોના સંલગ્ન તમામ કામગીરી માટેની મોકડ્રીલનું આયોજન કરાયું હતું. આ અંતર્ગત દ્વારકાની સરકારી હોસ્પિટલના અધિક્ષક ડો. વિપુલ ચંદારાણા, જિલ્લા એપીડેમિક ઓફિસર ડો. મેહુલ જેઠવા, જિલ્લા લેબોરેટરી ટેકનીશિયન જીજ્ઞેશ મથર તેમજ દ્વારકા નગરપાલિકા પ્રમુખ જ્યોતિબેન સામાણી દ્વારા આજરોજ યોજાયેલી મોકડ્રીલમાં ખાસ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં તંત્ર દ્વારા કોરોનાની સંભવિત પરિસ્થિતિ સામે આગોતરૂ આયોજન કરવામાં આવ્યું હતું.

**સલાયામાં કોવિડ અંગે મોકડ્રીલ યોજાઈ**

ખંભાળિયા તાલુકાના સલાયા ગામના આરોગ્ય કેન્દ્ર ખાતે મંગળવારે કોરોના સામે લડત આપવાના હેતુથી ઓક્સિજન સિલિન્ડર, થર્મલ ગન, ઓકસોમીટર તેમજ અન્ય વ્યવસ્થાની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અહિંના આરોગ્ય અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથેના સ્થાનિક લોકો પણ જોડાયા હતા.

# આવતીકાલથી શાકંભરી નવરાત્રીનો પ્રારંભ થશે

પોષ સુદ આઠમને શુક્રવારે તા. ૩૦/૧૨/૨૦૨૨થી શાકંભરી નવરાત્રીનો પ્રારંભ થશે જે પોષ સુદ પૂનમ એટલે કે પોષી પુનમ તા.૬/૧/૨૦૨૩નાં દિવસે પૂર્ણ થશે. વર્ષમાં મુખ્ય ચાર નવરાત્રી આવે છે તે ઉપરાંત શાકંભરી નવરાત્રી પણ આવે છે. માં શાકંભરીનું પૂજન સોમવારે સવારે નિત્ય કર્મ કરી અને ત્યારબાદ બાજોઠ ઉપર લાલ વસ્ત્ર પાથરી માં શાકંભરીની છબી અથવા તે ન હોય તો નવદુર્ગા માતાજીની છબી પણ ચાલે, તેને લાલ વસ્ત્ર ઉપર રાખી અને કંકુનો દિવો કરી અગરબતી કરી અને માતાજીને કંકુનો ચાંદલો ચોખા કરી ચુંદડી પહેરાવી અને ત્યારબાદ શાકંભરી નમઃ મંત્રની એક માળા અને ત્યારબાદ કુળદેવીનાં મંત્રની એક માળા કરવી. માતાજીને નૈવેદ્યમાં મીઠાઈ અને ખાસ લીલા શાકભાજી ધરવા. ત્યારબાદ આરતી કરી તે શાકભાજીની રસોઈ કરી અને બપોરે માતાજીને થાળ ધરવો અને ત્યારબાદ તેની પ્રસાદી લેવી. આમ પોષીપુનમ સુધી માતાજીનું પૂજન અને વ્રત કરવું. આમ પૂજન અને વ્રત કરવાથી જીવનની બધી બાધાઓ અને મુસીબતો દૂર થશે.

કથા : દેવીનો સંહાર કરવા માટે દુર્ગમ નામનો રાક્ષસ તપ કરે છે અને બ્રહ્મદેવનું વરદાન મેળવી પૃથ્વીનાં વેદ અને તત્વ લઈ લે છે. આના પરીણામ સ્વરૂપ દેવતાઓ વેદને ભુલી જાય છે અને પૃથ્વી ઉપરથી સત્કર્મ અને પરીકર્મ બંધ થઈ જાય છે. આમ તેના પરીણામ સ્વરૂપ પૃથ્વી ઉપર દુષ્કાળ પડે છે. લોકો ભુખથી મરવા લાગે છે. આથી ઋષીમુનીઓ માતાજીને પ્રાર્થના કરે છે. આમ માતાજી શતાક્ષી એટલે કે સો નેત્રવાળુ રૂપ લઈ અને દુર્ગમનો નાશ કરે છે અને વેદને મુકત કરે છે અને ત્યારબાદ પૃથ્વી ઉપર વરસાદ પડે છે. પરંતુ માતાજીની કૃપાથી સૌ પ્રથમ ચારેકોર પૃથ્વી ઉપર શાકભાજી ઉગે છે અને તે લોકો ખાય છે અને મનુષ્યોને પૃથ્વીવાસી લોકોને માતાજીની કૃપાથી નવજીવન મળે છે. આમ આથી માતાજીનાં એક સ્વરૂપનું નામ શાકંભરી દેવી પડેલ છે. આથી ખાસ આપણા વેદ



સંસ્કૃતિ અને યજ્ઞોનું રક્ષણ થવું જોઈએ અને આ પરંપરાઓ ચાલુ રહેવી જોઈએ.

- શાસ્ત્રી રાજદીપ જોશી
(વેદાંત રત્ન)



પક્ષમાં અસંતુષ્ટો પક્ષ છોડીને જવાની ધમકી આપે છે અને તું ઘર છોડીને જવાની !

# સુપ્રિમ કોર્ટના નોટબંધીના ચુકાદા પહેલાના મુખ્ય મુદ્દાઓ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને કેન્દ્ર સરકારની સ્વતંત્ર ભૂમિકાઓ

નવી દિલ્હી તા.૨૯

ગયા અઠવાડિયે, એવી જાહેરાત કરવામાં આવી હતી કે સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચ કેન્દ્ર સરકારની ૨૦૧૬ની નોટબંધીને બંધારણીય પડકારમાં ચુકાદો આપશે. આ કેસની સુનાવણી નવેમ્બર ૨૦૨૨ સુધી થઈ હતી અને ૭ ડિસેમ્બરે નિર્ણય માટે અનામત રાખવામાં આવ્યો હતો. એ યાદ રાખવું જોઈએ કે ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટોના નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી. તેના છ વર્ષ પછી નવેમ્બર ૨૦૨૨માં આ કેસની સુનાવણી કરવામાં આવી હતી. જ્યારે દલીલો શરૂ થઈ, ત્યારે બેન્ચે અરજદારોના વકીલને પૂછ્યું કે શું આ કેસના મુદ્દાઓ હવે 'શૈક્ષણિક' બની ગયા છે. જવાબમાં, વકીલે કોર્ટમાં અને તેમની લેખિત રજૂઆતોમાં તે સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો કે નોટબંધી જૂની બની ગઈ છે પણ તેની બંધારણીયતા હજી પણ એક જીવંત મુદ્દો હતો, ખાસ કરીને તે ભારતીય રિઝર્વ બેંક અને કેન્દ્ર સરકાર વચ્ચેના સંબંધો વિશેના નિર્ણાયક અને અનુત્તરિત પ્રશ્નોને લગતી બાબત હતી. સ્પષ્ટ કારણોસર, કોર્ટ સમક્ષ અરજદારો આ પ્રશ્નનો યોગ્ય રીતે જવાબ આપી શક્યા ન હતા. આદેશોનું અવલોકન દર્શાવે છે કે નોટબંધીની જાહેરાત થયાના ત્રણ દિવસ પછી, ૧૧ નવેમ્બર, ૨૦૧૬ના રોજ સુનાવણી માટે આ કેસ સૌપ્રથમવાર આવ્યો હતો. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૬ની સુનાવણીની તારીખે, સુપ્રીમ કોર્ટની બે જજની બેન્ચે આ મામલાને બંધારણીય બેંચને રિફર કર્યો હતો કારણ કે તેણે બંધારણીય મહત્વના પ્રશ્નો ઉભા કર્યા હતા, અને સાથે જ આ કેસ સાથેની તમામ હાઈકોર્ટને સુનાવણીથી મનાઈ ફરમાવી હતી. બંધારણીય બેંચને મોકલવા વચ્ચે એક મહિનાનો વિલંબને વાજબી છે. તે પછી પણ, સુપ્રીમ કોર્ટ પાસે કેસનો નિર્ણય લેવા માટે પૂરતો સમય હતો અને અદાલત જયારે પણ ઈચ્છે ત્યારે બંધારણીય કેસોની સુનાવણી અને ઝડપથી નિર્ણય કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. પરંતુ કોર્ટે તેમ કર્યું નથી. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૬ પછીના આદેશોની મોટી સંખ્યામાં, કોર્ટ દ્વારા પ્રતિ-સોગંદનામા દાખલ કરવા માટે પ્રતિવાદીઓને એક અંતિમ તક આપવાનો સમાવેશ થાય છે. રેકોર્ડ દર્શાવે છે કે સુપ્રીમ કોર્ટને નોટબંધી કેસની સુનાવણી કરવામાં રસ ન હતો. લેખિત સબમિશન અને મૌખિક દલીલોના કવરેજના અવલોકન સાથે નોટબંધીની બંધારણીયતા સામે ઘણા પડકારો ઊભા થયા છે. જો કે, આ કેસના કેન્દ્રમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને કેન્દ્ર સરકાર વચ્ચેના સંબંધોનો નિર્ણાયક પ્રશ્ન રહેલો છે. **RBI** એક્ટની કલમ ૨૬(૨) જણાવે છે કે, સેન્ટ્રલ બોર્ડની ભલામણ ઉપર, કેન્દ્ર સરકાર, ભારતના ગેઝેટમાં સૂચના દ્વારા, તે જાહેર કરી શકે છે કે, આ સૂચનામાં ઉલ્લેખિત કરવામાં આવી હોય તેવી તારીખના પ્રભાવથી, કોઈપણ મૂલ્યની બેંક નોટોની કોઈપણ શ્રેણી કાયદેસર તરીકે બંધ થઈ જશે. જો કે, ઘટનાક્રમ દર્શાવે છે કે આ પ્રક્રિયા ૭ નવેમ્બર, ૨૦૧૬ના રોજ કેન્દ્ર સરકારના નોટબંધીની 'સલાહ આપતા' પત્ર દ્વારા શરૂ કરવામાં આવી હતી, ત્યારબાદ ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ આરબીઆઈની ભલામણ કરવામાં આવી હતી. આરબીઆઈ એક્ટ, સમગ્ર રીતે, સેન્ટ્રલ બેંકની સ્વતંત્રતા અને સ્વાયત્તતા ઉપર આધારિત છે. એક્ઝિક્યુટિવના ડોમેનની અંદરના મુદ્દાઓ જેમ કે આતંકવાદી ધિરાણ સામે લડવું, નકલી ચલણને નાબૂદ કરવું અને કાળા નાણાંને દૂર કરવું એ સરકારનું કામ છે. **RBI** હજુ પણ તે ઈનપુટ્સના આધારે સ્વતંત્ર નિર્ણય લઈ શકે છે. કેન્દ્રીય બેંકની સ્વાયત્તતાનો અર્થ સરકાર અને બેંક વચ્ચેનું અંતર





નથી, પરંતુ એક 'સંકલિત ભૂમિકા' છે જેમાં આ બંને 'એકસાથે કાર્ય કરે છે. આ તારણો અંતર્ગત એવી સમજ હતી કે બંધારણીય પરિવર્તનની શરૂઆત કરવા માટે લોકોની સ્વતંત્રતા અને સ્વાયત્તતા હાલના કેસમાં વિચારણા મોટાભાગે સમાન છે તે એક પ્રશ્ન છે કે આ બે સંસ્થાઓ કેટલી હદે 'એકસાથે' અને 'સંકલિત' રીતે કાર્ય કરી શકે, જ્યારે બે સંસ્થાઓમાંથી એક રાજકીય કારોબારી હોય છે. સંસ્થાકીય સ્વતંત્રતા પહેલાથી જ ખૂબ જ નબળી છે. ઉદાહરણ તરીકે, આરબીઆઈ ગવર્નરની નિમણૂંક એક્ઝિક્યુટિવ દ્વારા કરવામાં આવે છે, જો કેન્દ્ર સરકારને કલમ ૨૬(૨ હેઠળ અસરકારક રીતે પ્રારંભિક ભૂમિકા ભજવવાની મંજૂરી આપવામાં આવી હતી, તો પ્રશ્ન એ છે કે શું આરબીઆઈ તરફથી કોઈપણ અનુગામી 'સુઝાવ' અર્થપૂર્ણ રીતે 'સ્વતંત્ર' હશે ? આરબીઆઈ એક્ટની યોજના હેઠળ, ચલણ વ્યવસ્થાપન અને નિયમનના ક્ષેત્રમાં, બેંક સંસદ કરતા પણ ઉચ્ચ દરજ્જો ધરાવે છે. નિર્ણય લેવાની પ્રક્રિયામાં ખામીઓ ઉપર કેન્દ્રિત બંધારણીય પડકારમાં, સુપ્રીમ કોર્ટે રાજ્યને સુનાવણી પૂરી થયા પછી સંબંધિત પુરાવા રજૂ કરવા કહ્યું છે. તેણે રાજ્યને તેની નિર્ણય લેવાની પ્રક્રિયા જાહેર કરવા કહ્યું છે. સુનાવણીમાં એવા સમયે જ્યારે અરજદારો હવે દલીલોને સંબોધિત કરી શકતા નથી અને સુપ્રીમ કોર્ટ હવે એક ચુકાદો આપવા જઈ રહી છે. એ નોંધવું અગત્યનું છે કે કોર્ટ માટે આ એકમાત્ર રસ્તો ખુલ્લો નહતો. જેમ કે મેં રાફેલ કેસના સંદર્ભમાં અગાઉ દલીલ કરી છે, કોર્ટ નિર્ણય લેવાની પ્રક્રિયાને જોવાનો ઈન્કાર કરી શકે છે. તે દલીલપૂર્વક ન્યાયિક ત્યાગ હોય શકે છે પરંતુ તે એક રીતે, બૌદ્ધિક રીતે પ્રમાણિક પણ હોય છે. કોર્ટ સરકારી કાર્યવાહીની તપાસ કરવાની તેની સત્તા જાળવી રાખવા માંગે છે, જ્યારે તે જ સમયે તે કાર્ય કેવી રીતે થાય છે તેની તપાસ કોઈ કરી શકે નહીં. આ કેસમાં અરજદારોએ દલીલ કરી છે કે પ્રમાણસરતાનું ધોરણ લાગુ થવું જોઈએ, કારણ કે નોટબંધીથી અસંખ્ય મૂળભૂત અધિકારોને અસર થઈ છે. એટર્ની જનરલ અને આરબીઆઈએ તેનો વિરોધ કર્યો છે. તેઓ કયા ધોરણને પ્રાધાન્ય આપે છે તે કંઈક અંશે અસ્પષ્ટ છે. આના જવાબમાં બે મુદ્દા ઊભા થાય છે. પહેલું એ છે કે જો નોટબંધીનો નિર્ણય આરબીઆઈની સ્વતંત્ર ભલામણથી આવ્યો હોય અને જો આરબીઆઈ પોતે એક સ્વાયત્ત, સ્વતંત્ર સંસ્થા છે જે તેના નિર્ણયો બિન-રાજકીય આધારો ઉપર લેવાના છે, તો તેના નિર્ણયો ન લેવાનું કોઈ કારણ નથી. જો કે, વધુ મહત્ત્વની બાબત એ છે કે, ડિમોનેટાઈઝેશન કેસના ઈતિહાસમાં પહેલાથી જ બે તાજેતરના ન્યાયિક સાધનોનો દુરૂપયોગ જોવા મળ્યો છે જે એક્ઝિક્યુટિવના ફાયદા માટે છે: ન્યાયિક વિલંબ અને સીલબંધ કવર. આપણે કોર્ટના અંતિમ ચુકાદાની રાહ જોઈ રહ્યા છીએ ત્યારે ખાસ કરીને ઉપર દર્શાવેલ મૂળ અને પ્રક્રિયાગત મુદ્દાઓ અંગે તે જોવાનું બાકી છે કે શું હવે આ ચુકાદા દ્વારા બેંક શાખાની સ્વતંત્રતા, યોગ્ય પ્રક્રિયાના પ્રશ્નો અને ન્યાયિક ચકાસણીના ધોરણો એ એક્ઝિક્યુટિવ ઉપર આધારિત છે અથવા નહીં.

# નાગરિક અધિકાર અને બંધારણના રક્ષક ન્યાયતંત્રએ વહીવટી તંત્રની સામે લડત આપવી જ જોઈએ

નવી દિલ્હી તા.૨૯

સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂંકનો વિવાદ સામાન્ય નથી. કારોબારી એ લોકશાહીના છેલ્લા ગઢ, ન્યાયતંત્ર ઉપર સંપૂર્ણ નિયંત્રણ મેળવવા માંગે છે. ભારતીય જનતા પાર્ટીના શાસન હેઠળ, કારોબારી સર્વવ્યાપી છે. **CBI, ED** વગેરે જેવી તપાસ એજન્સીઓના ઉપયોગ સાથે વિરોધ પક્ષો અને તેમના નેતાઓ ઉપર સતત હુમલાઓ કરીને એક્ઝિક્યુટિવ પોતાને ઉચ્ચ નૈતિક આધાર ઉપર મૂકવા માંગે છે. સંસદનો ઉપયોગ શાસક પક્ષની વિચારધારા અને કાર્યોને રજૂ કરવા માટે થાય છે. સામાન્ય માણસ અને રાષ્ટ્રને અસર કરતા વાસ્તવિક મુદ્દાઓ પસંદગીની માહિતી અને આંકડાઓ સાથે પસાર કરવામાં ચર્ચા કરવામાં આવે છે. શાસક સરકાર તેના એજન્ડાને આગળ વધારવા માટે સંસદનો ઉપયોગ કરી રહી છે.

વડાપ્રધાનનું વ્યક્તિત્વ કેબિનેટ અને તેમની ભૂમિકા દરેક બંધારણીય અને નિર્ણાયક નિમણૂંક જે એક્ઝિક્યુટિવને અનુકૂળ હોય તેવું કરવાઈચ્છે છે, પછી તે ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલ હોય, ચીફ વિજિલન્સ કમિશ્નર, ચૂંટણી કમિશ્નર, કેબિનેટ સચિવ અને અન્ય નિર્ણાયક સચિવો અથવા **ED**ના વડાઓ, આવકવેરા વિભાગ વગેરે હોય. **ED** વડાને આપવામાં આવેલ એક્સ્ટેન્શન અને છેલ્લા ચૂંટણી કમિશ્નરની ઉતાવળમાં કરાયેલી નિમણૂંક એનું ઉદાહરણ છે. **IAS** અને **IPS** સેવાઓ સાથે જોડાયેલા ગુજરાત કેડરના અધિકારીઓ, જેમણે ભૂતકાળમાં મોદીને માટે સારૂ કામ કર્યું છે, તેઓને અન્ય રાજ્ય કેડરમાંથીર લાયક અને સ્વતંત્ર અધિકારીઓ ઉપર પસંદ કરવામાં આવે તેવું લાગે છે.

વિપક્ષી પક્ષો દ્વારા સંચાલિત યોગ્ય રીતે ચૂંટાયેલી રાજ્ય સરકારોને પદભ્રષ્ટ કરવા માટે અયોગ્ય પદ્ધતિઓ અપનાવવામાં આવે છે, જેનાથી શાસનમાં સતત પડકાર ઉભો થાય છે. ટીકાકારો ઉપરના હુમલાઓ, ફક્ત ટ્વિટ અથવા લેખોના કારણે, સમગ્ર દેશમાં ભયનું વાતાવરણ બનાવવા માટે છે. ફિલ્મો અને કલાકારો પણ બાકાત નથી, જેમાં પઠાણ ફિલ્મ એ નવીનતમ લક્ષ્ય છે. બે યુવા કલાકારોને ઉજજૈનના મહાકાલેશ્વરના મહાન મંદિરમાં પ્રાર્થના કરતા અટકાવવું એ અન્ય ઉદાહરણ છે. લઘુમતી સમુદાયો તેમના સતત લક્ષ્યો છે. ૭ જુલાઈ, ૨૦૧૮ના બંધારણીય બેંચના ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે કહ્યું કે, એમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે જે સત્તાધિકારીઓને રાજ્યોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી સોંપવામાં આવી છે તેઓની મુખ્ય જવાબદારી છે, કે તેઓએ ગૌરક્ષકો દ્વારા કરવામાં આવતી ઘટનાઓ જેવી ઘટનાઓ ન બને તેનું ધ્યાન રાખવું જોઈએ. આવા ઉદ્દેશ્યોને આગળ વધારવા માટે કટ્ટર તત્વો દ્વારા વ્યવસ્થિત રીતે અદાલતોનો સંપર્ક કરવામાં આવે છે અને દુર્ભાગ્યે, તેઓ આવા પ્રયાસોને જોવા અને રોકવામાં અસમર્થ છે, જેના કારણે લાખો ભારતીયોને ગંભીર અસર થઈ રહી છે.

દેખીતી રીતે અનુકૂળ બેન્ચની રચના કરવા અને તેમને કેસ ફાળવવાની સત્તા સાથે ભારતના મુખ્ય ન્યાયાધીશોની શ્રેણી હેઠળ તાજેતરના મુખ્ય ન્યાયાધીશો હેઠળના ન્યાયતંત્રએ નોંધપાત્ર સ્થિતિ સ્થાપકતા દર્શાવી છે. ન્યાયાધીશો દ્વારા સંવેદનશીલ બાબતો ઉપર પ્રશ્નો પૂછવામાં આવે છે જેથી કરીને સાર્વજનિક ઉદ્દેશ્યની રક્ષા કરી શકાય. નાગરિક સ્વાતંત્ર્ય અને નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે ચુકાદાઓ અને આદેશો પસાર કરવામાં આવ્યા છે. આ બધાથી સત્તામાં રહેલા લોકો નારાજ થયા છે. આમ, કાયદા મંત્રી દ્વારા કરવામાં આવેલા હુમલાઓ અને ઉપરાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ દ્વારા ન્યાયતંત્રને સંદેશ મોકલવા આવે છે કેઃ અમારી સાથે રહો અથવા અમે નિમણૂંક અને ટ્રાન્સફર કરવાની તમારી સત્તાઓ છીનવી લઈશું. હું સર્વોચ્ચ અદાલત દ્વારા સ્થાપિત કોલેજિયમ પ્રણાલીનો ખુલ્લેઆમ ટીકાકાર રહ્યો છું, જે બંધારણમાં નથી તેવી સત્તાઓ અંગે મેં **NJAC**ના સમર્થનમાં દલીલ પણ કરી હતી. પરંતુ સરકારની કાર્યવાહી જોયા પછી, મને હવે ખાતરી થઈ છે કે જો વહીવટી તંત્ર ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયાધીશોની નિમણૂંક કરવાનું શરૂ કરશે, તો તેઓ અન્ય બંધારણીય કચેરીઓ માટે કરવામાં આવી રહી છે તે રીતે વિનાશક અને વ્યક્તિલક્ષી નિમણૂંકો કરશે અને તે ભારતમાં લોકશાહીનો મૃત્યુઘંટ હશે. નાગરિકોને તેમના મૂળભૂત અધિકારોથી વંચિત કરવામાં આવશે અને નાગરિક સ્વતંત્રતા જોખમમાં મૂકાશે. કારોબારીએ મોટા પાયે માળખાકીય સુવિધાઓ અને પૂરતા માનવબળ માટે ખૂબ જ જરૂરી ભંડોળ પૂરૂં પાડીને ન્યાયતંત્રને અપંગ બનાવી દીધું છે. કાયદાનું શાસન અને સ્વતંત્ર ન્યાયતંત્ર એ આપણા બંધારણના મૂળભૂત લક્ષણો છે. બંધારણના ઘડવૈયાઓએ તેમના સંકલ્પમાં સ્પષ્ટ કર્યું છે કે કોઈ એક્ઝિક્યુટિવ ન્યાયાધીશો ઉપર કોઈ પ્રભાવ પાડવા માટે સક્ષમ ન હોવો જોઈએ. અમેરિકી પ્રમુખ એન્ડ્રુ જેક્સને એકવાર કહ્યું હતું કે, બંધારણ હેઠળ નાગરિકોને મળેલા તમામ અધિકારોની કોઈ કિંમત નથી, સિવાય કે સ્વતંત્ર અને સદાચારી ન્યાયતંત્ર દ્વારા તેમને ખાતરી આપવામાં આવી હોય. આવા ન્યાયતંત્રની રચના માટે કોલેજિયમ ઉપર ભારે બોજ છે. તેની કામગીરી અત્યાર સુધી મિશ્ર રહી છે. તેને ભવિષ્યમાં વધુ સતર્ક અને સારા ઉદ્દેશ્ય સાથે ચાલુ રાખવાની જરૂર છે.

# રાજ્યમાં નવી ખાનગી સ્કૂલો શરૂ કરવા ૧ જાન્યુઆરીથી દરખાસ્ત કરી શકાશે

## સંસ્થા ૨૮ ફેબ્રુઆરી સુધી આધાર-પુરાવા સાથે ઓનલાઈન દરખાસ્ત કરી શકશે

અમદાવાદ, તા.૨૯

રાજ્યમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ની નવી સ્કૂલો શરૂ કરવા માટે ૧ જાન્યુઆરીથી ઓનલાઈન દરખાસ્ત કરી શકાશે. શિક્ષણ બોર્ડ દ્વારા નવા શૈક્ષણિક વર્ષ માટે નવી ખાનગી સ્કૂલો શરૂ કરવા માટેની કાર્યવાહી શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. જે મુજબ સંસ્થાઓ ૧ જાન્યુઆરીથી લઈને ૨૮ ફેબ્રુઆરી સુધી ઓનલાઈન દરખાસ્ત કરી શકશે. જેના આધારે શિક્ષણ બોર્ડ દ્વારા સ્કૂલોની મંજુરી અંગે નિર્ણય લેશે. નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા અરજીઓ મંગાવવામાં આવી છે. આ માટે ૧ જાન્યુઆરી, ૨૦૨૩થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી બોર્ડની વેબસાઈટ ઉપરથી ઓનલાઈન અરજી કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઓનલાઈન અરજી કરવા માટે જરૂરી આવશ્યક આધારો અંગેની સુચના ધ્યાનપુર્વક વાંચી ઓનલાઈન અરજી સાથે તમામ આધાર-પુરાવા સ્કેનીંગ કરીને ફરજિયાત જોડવાના રહેશે. ઓનલાઈન દરખાસ્ત કરવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. રજિસ્ટ્રેશન કર્યા બાદ ઈ-મેઈલ ઉપર મળેલા આઈડી અને પાસવર્ડ મારફતે લોગીન કરીને ઓનલાઈન મારફતે રૂા.૨૦ હજારની અરજી ફી ભરીને ઓનલાઈન દરખાસ્ત માટેની અરજી કરી શકાશે. દરખાસ્ત ફી કોઈ પણ સંજોગોમાં પરત મળશે નહીં. ઓનલાઈન અરજીના આધારે નવી શાળાની અરજી અંગે બોર્ડનો નિર્ણય શાળા મંડળવતી ઓનલાઈન અરજી કરનાર સંચાલક મંડળને પત્ર દ્વારા જણાવવામાં આવશે. મંજુર-નામંજુર અંગેની વિગતો બોર્ડની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. બોર્ડ દ્વારા જે સ્કૂલને મંજુરી આપવામાં આવશે તેમણે નક્કી કરેલી સમય મર્યાદામાં બાકીની શાળા નોંધણીની ફી રૂા.૨૦ હજારની રકમ બોર્ડના ખાતામાં ચલણથી જમા કરાવી તેની નકલ અને અન્ય આધારો સહિતની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારી મારફતે ઓનલાઈન ભલામણ સહિત બોર્ડની કચેરીને મોકલવાની રહેશે. ત્યારબાદ શાળા નોંધણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

# ગુજરાતમાં પણ કોરોનાની પરિસ્થિતિ વકરે તે પહેલાં નક્કર આયોજનની માંગ કરતી PIL

અમદાવાદ, તા.૨૯

પાડોશી દેશ ચીન સહિત વિશ્વના અલગ-અલગ દેશોમાં કોરોના મહામારીએ ફરી એકવાર ભરડો લીધો છે ત્યારે અગમચેતીના ભાગરૂપે ગુજરાતમાં પણ કોરોનાની પરિસ્થિતિ ફરી એકવાર વરવું સ્વરૂપ ધારણ કરે તે પહેલાં યોગ્ય પગલાં ભરવા અને નક્કર આયોજન કરવાની માંગણી કરી જાહેરહિતની અરજી દાખલ કરવા અને તાકીદે સુનાવણી કરવા માટે એક અરજદાર દ્વારા ગુજરાત હાઈકોર્ટ માંગ કરવામાં આવી હતી. જો કે, હાઈકોર્ટે તાત્કાલિક સુનાવણી હાથ ધરવાની માગણી નકારી કાઢી હતી અને હાલના તબક્કે એવી કોઈ તાત્કાલિક સુનાવણીની જરૂરિયાત નથી તેવી ટકોર કરી હતી. હાલ ક્રિસમસની રજાઓ ચાલતી હોવાથી વેકેશન બેંચ હોઈ આગામી સપ્તાહે નિયમિત કાર્યવાહી દરમ્યાન સુનાવણી હાથ ધરવા માટે અરજદારને જણાવવામાં આવ્યું હતું. દરમ્યાન એક અરજદાર દ્વારા હાઈકોર્ટ સમક્ષ એવી માંગણી કરાઈ હતી કે, ચીન સહિત વિશ્વના અલગ-અલગ દેશોમાં કોરોના મહામારીએ ફરી માથું ઊંચક્યું છે અને ભારતમાં પણ તેની અસરો શરૂ થવાનું જણાઈ રહ્યું છે. ગુજરાતની વાત કરીએ તો રાજ્યના સૌથી મોટા શહેર અમદાવાદમાં પણ હાલ કાંકરિયા કાર્નિવલ, પ્રમુખ સ્વામી જન્મ શતાબ્દી મહોત્સવ સહિતના મોટા પ્રમાણમાં જાહેર જનતા ભેગી થાય તે રીતે મહોત્સવોની ઉજવણી ચાલી રહી છે તેના કારણે કોરોનાની પરિસ્થિતિ બેકાબૂ બને તેવી



શક્યતા જણાઈ રહી છે. અગાઉના અનુભવોને ધ્યાનમાં લેતા અને કોરોના વાયરસનું સંક્રમણ વધુ ફેલાય નહીં તે હેતુથી રાજ્ય સરકાર સહિતના આરોગ્ય સત્તાધીશોને યોગ્ય પગલાં ભરવા માટે આદેશ કરવો જોઈએ. આ ઉપરાંત કોરોના ફેલાય તો તેને લઈ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળાય તે માટેનું આયોજન કરવા માટે રાજ્ય સરકારને તૈયાર રહેવા આદેશ કરવાને લગતા મુદ્દા ઉપર તાકીદે સુનાવણી કરવા માટે માંગ કરાઈ હતી. જો કે, હાઈકોર્ટે જણાવ્યું કે, હાલના તબક્કે સુનાવણી જરૂર નથી અને નિયમિત કામકાજ દરમ્યાન રજૂઆત કરવા માટે અરજદારને આદેશ કર્યો હતો.

# રાજ્યમાં રખડતા ઢોરોનો ત્રાસ કાબૂ બહાર ગયો હોવાની હાઇકોર્ટની રાજ્ય સરકારને ટકોર

અમદાવાદ તા.૨૯


અમદાવાદ શહેર સહિત રાજ્યભરમાં રખડતા ઢોરોના ત્રાસ અને ખાસ કરીને તાજેતરમાં રખડતા ઢોરોના કારણે નાગરિકોને ઈજા અને મોતની ઘટનાઓની નોંધ લેતા હાઈકોર્ટે ટકોર કરી હતી કે રખડતા ઢોરોના ત્રાસનો મામલો રાજ્યમાં નિયંત્રણ બહારનો થઈ ગયો છે અને આ મામલે કડકાઈથી પગલાં ભરવા જોઈએ. આ કેસની થયેલી સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે રાજકોટમાં એક પોલીસ જવાન ઉપર રખડતા ઢોર દ્વારા કરવામાં આવેલા હુમલાની ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. અદાલત દ્વારા ટકોર કરવામાં આવી હતી કે તેઓ ટીવી જોતા હતા ત્યારે રાજકોટમાં કોઈ સુરક્ષા જવાનને રખડતા ઢોરે હુમલો કરી ઘાયલ કર્યા અંગેના સમાચાર જોવા મળ્યા હતા, તે



સુરક્ષા જવાનને ભારે ઈજા થઈ હોય તેમ જણાતું હતું. આમ, હાઈકોર્ટે આવા બનાવોની ગંભીર નોંધ લીધી હતી અને ટકોર કરી હતી કે સ્થિતિ કાબૂ બહાર જતી રહી હોય તેમ લાગે છે. ઉલ્લેખનીય છે કે, રખડતા ઢોરોના ત્રાસ અંગે એક વકીલ દ્વારા કરાયેલી કન્ટેમ્પ્ટ પિટિશન અને જાહેરહિતની રિટ અરજીની સુનાવણી દરમ્યાન રાજ્ય સરકાર તરફથી તાજેતરમાં મુદતની માંગણી કરાઈ ત્યારે કોર્ટે આવી ટકોર કરી હતી અને જણાવ્યું હતું કે, રખડતા ઢોરોના ત્રાસ નિવારણ માટે રાજ્ય સરકારે ખાસ કરીને રાજ્યના મોટા શહેરોમાં નક્કર પગલાં લેવાની જરૂર છે. સરકારે આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે ગંભીરતા સાથે કામ કરવું પડશે. કેસની વધુ સુનાવણી તા.૯મી જાન્યુઆરીના રોજ મુકરર કરી હતી. જો કે, રખડતા ઢોરોના ત્રાસ નિવારણની કામગીરી સતત ચાલુ રાખવા પણ હાઈકોર્ટે તાકીદ કરી હતી અને આ બાબતે એક્શન પ્લાન બનાવવો જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો.

# ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજીના પ્રાગટય દિનની ઉજવણી થશે

## ૬ જાન્યુઆરી પોષી પૂનમના દિવસે માતાજીના મંદિરે ધ્વજારોહણ સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાશે


(તસ્વીર: વિજય ત્રિવેદી)

જૂનાગઢતા. ૨૯

જૂનાગઢ ગિરનાર પર્વતના શિખરો આધ્યાત્મિકતાની દ્રષ્ટીએ માનવજીવનમાં અનેક ઉર્જાઆપવાનો સંચાર કરે છે ત્યારે ગિરનારની ટોચ ઉપર બિરાજમાન જગત જનની માં અંબાનો પ્રાગટય મહોત્સવ આગામી તા. ૬ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ધામધુમ પુર્વક ઉજવાશે. અંબાજી મંદિર ખાતે માતાજી સનમુખ હોમ હવન ધ્વજારોહણ અને માતાજીની વિશેષ મહાઆરતી સાથે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે તેમ અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુએ જણાવ્યું હતું. દેશભરની બાવન શક્તિપીઠો પૈકી માં અંબા માતાજીની ઉદયન પીઠ તરીકે ઓળખાતા અંબાજી માતાના મંદિરે આગામી તા.૬ જાન્યુઆરી શુક્રવારના દિવસે માતાજીનો પ્રાગટય મહોત્સવની ઉજવણી ધામધુમ પુર્વક કરવામાં આવશે. સોરઠના પ્રભાસ ક્ષેત્રે ગરવા ગઢ ગિરનારની ટોચ ઉપર બિરાજમાન માતા અંબાનો પોષી પૂનમ એટલે જગતજનની માં અંબા માતાના પ્રાગટયદિવસે માતાજીનો જન્મ દિવસ તરીકે ઉજવાશે. ગિરનાર પર્વતના પાંચ હજાર પગથીયા ઉપર બિરાજમાન માતા અંબાજીના પ્રાચીન નીજ મંદિરમાં બિરાજમાન માં અંબાજીનો પ્રાગટય મહોત્સવ મંદિરના મહંત મોટા પીરબાવા તનસુખગીરી બાપુની નિશ્રામાં હજારો માયભકતોની હાજરીમાં માતાજીને વિશેષ શૃંગાર સાથે શ્રીસુકતના પાઠ, હોમ હવન, ગંગાજળ, દુધથી માતાજીને અભિષેક સાથે નીજ મંદિરના શિખર ઉપર ધ્વજા ચઢાવવામાં આવશે. બપોરે મહાઆરતી સાથે માતાજીને થાળ ધરીને ભાવિકો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાગટય મહોત્સવ અંગે વાત કરતા અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુએ જણાવ્યું હતું કે, ગિરનાર પર્વત ઉપરની આ શક્તિપીઠ તરીકે ઓળખાય છે. અહીં માતાજીના ઉદર (પેટ)નો ભાગ પડેલો હોય જેથી ઉદયન પીઠ તરીકે ઓળખાય છે. પુરાણ કથામાં ઉલ્લેખ છે તે મુજબ પ્રજાપતિ દક્ષે બ્રહસ્પતિસઠ નામનો એક મહાયજ્ઞનું આયોજન કરેલ હતું. જેમાં પ્રજાપતિ દક્ષ રાજાએ બધા વોને નિમંત્રીત કરેલ હતા. એક માત્ર પોતાના જમાઈ શિવજીને આમંત્રણ ન આપતા સતી પાર્વતીજીએ પિતાને ત્યાં આવડો મોટો જ્ઞય થઈ રહયો હોય તેમાં મારા પતિ શંકરને આમંત્રણ નથી. તેમ છતાં માતાજી પાર્વતીજીએ યજ્ઞમાં જવા ભગવાન શિવજીની મનાઈ હોવા છતાં માતાજી પહોંચી ગયા અને પિતા દ્વારા પોતાની નિંદા સહન ન થતાં અત્યંત દુઃખી થયેલા માતા પાર્વતીજીએ યજ્ઞકુંડમાં પડી જઈને પોતાનો દેશ ત્યજી દીધો હતો. જે વાતની ભગવાન શિવજીને જાણ થતાં શિવજીએ સતી પાર્વતીના નિશ્ચેતન દેહને ખંભે ઉંચકી તાંડવ શરૂ કરી દેતા સૌ કોઈ દેવો ડરી ગયા અને ભગવાન વિશ્નુને પ્રાર્થના કરી કે હે ભગવાન તમે જ કંઈક કરો નહીં તો સમગ્ર સૃષ્ટીનો સર્વનાશ થઈ જશે. ત્યારે ભગવાન વિશ્નુએ ચક્ર દ્વારા દેવીના શરીરના બાવન ટુકડા કરી અને ટુકડા જયાં પડયા તે સ્થળે માતાજીની શક્તિપીઠો નિર્માણ પામી હતી. જેમાંથી એક શક્તિપીઠ ગિરનાર પર્વત ઉપર માતા અંબાજીની ઉદયન પીઠ તરીકે ઓળખાય છે.

# કોડીનાર સોમનાથ સાયન્સ એકેડેમી ખાતે જીલ્લા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો

## બાળકો દ્વારા ૬૦ કૃતિઓ પ્રદર્શનમાં મુકવામાં આવી હતી



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૯

કોડીનાર સોમનાથ સાયન્સ એકેડેમી ખાતે ગીર સોમનાથ જિલ્લા કક્ષાનો સાયન્સ ફેર વિજ્ઞાન મેળો યોજાયો જેમાં તાજેતરમાં યોજાયેલ તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળામાં પસંદગી પામેલી પ્રાથમિક, માધ્યમીક અને ઉચ્ચ.માધ્યમિક. વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ તેમજ સોલાર ઉર્જા, પવન ઉર્જા, ડિફેન્સ સિસ્ટમ, પાણી સહિત ૩૦ પ્રાથમિક અને ૩૦ માધ્યમિક મળી કુલ ૬૦થી વધું કૃતિઓ પ્રદર્શનમાં મુકવામાં હતી. આ વિજ્ઞાન મેળામાં જિલ્લા ભરના વિદ્યાર્થીઓ ભાગ લઈ એ કૃતિઓ નિહાળી વિજ્ઞાન વિષેની પોતાની સમજણમાં વધારો કર્યો હતો . પ્રદર્શનમાં મુકેલ પ્રોજેકટના વિદ્યાર્થીઓએ તમામને ઝીણવટ ભરી સમજણ આપી હતી. આ વિજ્ઞાન મેળાને જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો.વાંઝા, જીલ્લા તાલીમ ભવન પ્રાચાર્ય પંપાણીયા, વિજ્ઞાન મેળા જિલ્લા કન્વીનર કે.પી.ચિત્રોડા, માધ્યમિક કચેરીના ખાંભલા સહિત જિલ્લા અને તાલુકાભરના આગેવાનો, શિક્ષણ વિદોની હાજરીમાં ખુલ્લો મુકાયો હતો. આ તકે વિજ્ઞાન મેળા જિલ્લા કન્વીનર કે.પી.ચિત્રોડાએ જણાવ્યું હતું કે, આ વિજ્ઞાનના ફાયદા જણાવી તેમજ અત્રેથી પસંદગી પામેલ કૃતિઓ રાજ્યકક્ષાએ જીલ્લાનું પ્રતિનિધિત્વ માટે મોકલાશે તેમ જણાવી ભાગ લેનાર બાળવૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યાં હતા. સંસ્થાના પ્રમુખ કરશન ભાઈ એ હાજર સૌ ને જણાવ્યું હતું કે બાળકો માં કાંઈક નવું કરવાની ઈચ્છા આવા કાર્યક્રમ મો થી જ થતી હોય છે માટે વિજ્ઞાનના શિક્ષકોને પ્રેક્ટિકલ ઉપર વધુ ધ્યાન દેવા જાણવેલ અને બાળકોને ભવિષ્યમાં વિજ્ઞાન દ્વારા દેશ માટે ઉપયોગી પ્રોજેક્ટો બનાવવાની બાળકોને સમજણ આપી હતી તેમજ ભવિષ્યમાં વિજ્ઞાન શેત્રે જ્યાં અને જેવી જરૂર પડે તે માટે પોતાની સંસ્થા ખડેપગે રહેશે તેવો હાજર સૌ ને વિશ્વાસ આપ્યો હતો. આ જીલ્લા કક્ષાના વિજ્ઞાન મેળામાં મોટી સંખ્યામાં જીલ્લાભરમાંથી બાળકો તેમજ નગરજનોએ મુલાકાત લઈ સમજણ મેળવી હતી.

# જીવલેણ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિઓને વ્હારે આવી તુરંત હોસ્પિટલ પહોંચાડી બનો ગુડ સમરિટન

## જીવલેણ માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોની મદદે આવેલા વ્યક્તિઓને એવોર્ડ

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૯

કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ વિભાગ દ્વારા જીવલેણ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી વ્યકિતઓને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ કે ટ્રોમા કેર સેન્ટરમાં સારવાર માટે પહોંચાડનાર વ્યક્તિને ગુડ સમરિટન એવોર્ડથી સન્માનિત કરવા માટેની સો ટકા કેન્દ્રીય પુરસ્કૃત યોજના અમલમાં મુકવામાં આવી છે. જે સંદર્ભે રાજ્ય સરકાર બંદરો અને વાહન વ્યવહાર વિભાગના ઠરાવ અનુસાર જીવલેણ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલ વ્યકિતઓને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ કે ટ્રોમા કેર સેન્ટરમાં સારવાર માટે પહોંચાડનાર વ્યક્તિને સન્માનિત કરવા માટેની સ્કીમ ફોર ગ્રાન્ટ ઓફ એવોર્ડ ટુ ધ ગુડ સમરિટન યોજના અમલમાં મુકવામાં આવી છે.

### ગુડ સમરિટન શું છે ?

માર્ગ અકસ્માતોમાં ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિને ગોલ્ડન અવરમાં ગોલ્ડન અવર એટલે માર્ગ અકસ્માત પછીનો એ તુરંતનો પ્રથમ કલાક છે, જેમાં તાકીદની તબીબી સારવાર જરૂરી છે, જે સમયસર મળવાથી મૃત્યુને મહદ અંશે નિવારી શકાય છે. હોસ્પિટલ કે ટ્રોમા કેર સેન્ટરમાં પહોંચાડી મદદ કરનાર વ્યક્તિ.

### આ યોજના હેઠળ ફેટલ એક્સીડન્ટની વ્યાખ્યા

માર્ગ અકસ્માતમાં ઘવાયેલી વ્યક્તિને સારવાર દરમ્યાન મોટું ઓપરેશન આવે, ઓછાંમાં ઓછાં ત્રણ દિવસ હોસ્પિટલમાં સારવારમાં રહેવું પડે, મગજમાં ઈજા થાય, કરોડરજ્જૂને થયેલ ઈજાઓ, સારવાર દરમ્યાન મૃત્યું થાય તેવાં કિસ્સામાં હોસ્પિટલ દ્વારા જીવલેણ અકસ્માતનું પ્રમાણપત્ર આપવામાં આવે તો તે અકસ્માતને ફેટલ એક્સીડન્ટ કહેવામાં આવે છે.

### ગુડ સમરિટનને મળવાપાત્ર નાણાંકીય સહાય (એવોર્ડ)

ભારત સરકાર દ્વારા મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા અમલમાં આવેલી આ યોજના અન્વયે એક ગુડ સમરિટન એક અથવા વધુ વ્યક્તિઓના જીવ બચાવે તો રૂા.૫,૦૦૦ એવોર્ડની રકમ મળવા પાત્ર છે. જો એક કરતાં વધુ ગુડ સમરિટન એક વ્યક્તિનો જીવ બચાવે તો રૂા.પાંચ હજાર તેમની વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે. જો એક કરતાં વધુ ગુડ સમરિટન એક કરતાં વધુ વ્યક્તિઓનો જીવ બચાવે તો મહત્તમ રૂા.પાંચ હજાર પ્રતિ ગુડસમરિટન પુરસ્કાર મળે છે. એક ગુડ સમરિટનને એક વર્ષમાં મહત્તમ પાંચ વખત પુરસ્કારની રકમ મળવા પાત્ર છે. દરેક ગુડ સમરિટનને રોકડ પુરસ્કાર સાથે ‘‘પ્રશંસા પ્રમાણપત્ર’’ પણ એનાયત કરવામાં આવશે. ગુડ સમરિટન દ્વારા સ્વૈચ્છિક રીતે અપાયેલી માહિતીનો ઉપયોગ ફક્ત આ યોજના હેઠળની પ્રક્રિયા માટે કરવામાં આવશે.

### રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ

મુલ્યાંકન કમિટી દરેક રાજય કે કેન્દ્ર શાસિત પ્રદેશ દ્વારા મળેલી દરખાસ્તોની સમિક્ષા કરીને દર વર્ષે ૧૦ ગુડ સમરિટનને રાષ્ટ્રીય સ્તરનાં એવોર્ડ માટે પસંદ કરાશે. તેમને રૂા.એક લાખનું ઈનામ, સર્ટિફિકેટ તથા ટ્રોફી એનાયત કરવામાં આવશે.


# ઉના: ગોળાફેંક સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ



ઉના તા. ૨૯

ઊનાની શાહ એચ. ડી. હાઈસ્કુલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતા પાર્થ જયેશભાઈ વાધેલાએ તાજેતરમાં ભુજ મુકામે યોજાયેલ ઓપન ગુજરાત ચેમ્પિયનશિપ સ્પર્ધામાં એથલેટિક્સ સ્પર્ધામાં ગોળાફેકમાં ભાગ લઈ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી વિજેતા બનેલ અને ગોલ્ડ મેડલ મેળવી તેમણે સમગ્ર ગીર સોમનાથ જિલ્લા અને શાહ એચ. ડી. હાઈસ્કુલનું ગૌરવ વધારેલ છે. અને શાળાના આચાર્ય કે.જે. ગૌસ્વામી અને સ્ટાફે પ્રમાણપત્ર અને સ્મૃતિચિન્હ આપી સન્માન કરેલ હતું. આગામી ઓપન ગુજરાત ચેમ્પિયનશિપ સ્પર્ધા સેકન્ડ પંચમહાલમાં ભાગ લેવા જતા શુભકામનાઓ આપી હતી.

# નવા વર્ષ પહેલા દ્વારકાધીશના આશીર્વાદ લેવા ભક્તોનું ઘોડાપૂર



દેશના વિવિધ ભાગમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ દ્વારકા તથા બેટ દ્વારકા દર્શન કરવા આવી રહ્યા છે. ઓખા જેટીથી બોટ મારફતે પ્રવાસીઓ બેટ દ્વારકા જતા હોવાથી આ વ્યવસાય સાથે સંકળાયેલ લોકોને પણ સારી એવી આવક થઈ રહી છે. મોરબીમાં પુલ તૂટવાની દુર્ઘટના બન્યા બાદ ઓખાથી બેટ દ્વારકા જતી બોટમાં કેપેસિટી અનુસાર પ્રવાસીઓને બેસાડવામાં આવે છે. ઓખાથી બેટ દ્વારકા જતા પ્રવાસીઓએ લાઈફ જેકેટ પહેરવું ફરજિયાત હોય છે. આમ છતાં મોટા ભાગના પ્રવાસીઓને લાઈફ જેકેટ પહેરવાનું ટાળે છે.

# માણાવદરના વાલ્મીકી વિસ્તારમાં ગટરના ગંદા પાણી, કાદવ કીચડથી લોકો ત્રાહિમામ

માણાવદર તા. ૨૯

માણાવદર ભાજપ શાસિત પાલિકાથી પ્રજાજનો અનેક પ્રશ્ને ત્રાહિમામ પોકારી ઉઠયાની જનતામાંથી ફરીયાદો ઉઠી રહી છે ત્યારે માણાવદરના વાલ્મીકી વિસ્તારમાં છેલ્લા ઘણા લાંબા સમયથી ગટરના ગંદા પાણી, કાદવ, કીચડ અનો ગંદકી ખદબદતી હોય સફાઈ કર્મચારીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠયાની ફરીયાદો ઉઠી છે. ગટર ચકકાજામ થઈ જતા ગંદકી કે પાણીનો યોગ્ય નિકાલ થતો નથી જેથી ગટરના પાણી ઉભરાતા કાદવ-કીચડ વધી રહયો છે. બીજી બાજુ આમ જનતામાં ઘણાં સમયથી ચર્ચા થઈ રહી છે કે, કોરોના કાળથી આજ સુધી ગ્રાન્ટ આવી તે કયાં વાપરવામાં આવી? તેનો ખરેખર સદ્ઉપયોગ થયો કે કેમ? તેની તટસ્થ તપાસ કરવામાં આવે અને આ ગંદકીનો તાત્કાલીક ધોરણે નિકાલ કરવામાં આવે તેમ જનતા ઈચ્છી રહી છે.


# ઉના: દોડ સ્પર્ધામાં બીજા ક્રમે વિજેતા



ઉના તા. ૨૯


તાજેતરમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ એથલેટિક્સ સ્પર્ધા યોજવમાં આવી હતી. જેમાં ઊનાની એ.આર. ભટ્ટ લૉ કોલેજમાં અભ્યાસ કરતા અનિલ ભીમાભાઈ બાંભણિયાએ ભાગ લીધો હતો. ૧૫૦૦ મીટર દોડ સ્પર્ધા ૪ મિનીટ ૩૯ સેકન્ડમાં પુર્ણ કરી પ્રથમ ક્રમે વિજેતા બનેલ તેમજ ૮૦૦મીટર દોડ સ્પર્ધા ૨ મિનીટ ૯ સેકન્ડમાં પૂર્ણ કરી બીજાં ક્રમે વિજેતા બનેલ છે અને હવે આંતર યુનિવર્સિટીમાં ભાગ લેવા માટે પસંદગી પામતા કોલેજ અને જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

# ગ્લોબલ વોર્મિંગ? ભરશિયાળે કેસુડો ખીલી ઉઠ્યો




ફાગણ માસમાં કેસુડો ખીલતો હોય છે. પરંતુ છોટા ઉદેપુરમાં કડકડતી ઠંડીમાં કેસુડો ખીલતા આશ્ચર્ય ફેલાયું છે. કેસુડો ચામડીના રોગોને મટાડવા માટે ખુબ જ ઉપયોગી હોય છે. જેથી મોટી કંપનીઓ હોળીના રંગ બનાવવા માટે કેસુડાનો ઉપયોગ કરતી હોય છે. સાથે પાણીમાં કેસુડો પલાળી સ્નાન કરવાથી ચામડીના રોગ પણ મટતા હોય છે. પરંતુ સમય કરતા વહેલો કેસુડો ખીલતા લોકો આશ્ચર્યમાં મૂકાયા છે. છોટા ઉદેપુરના વિશાળ જંગલમાં ત્રણ મહિના પહેલાં જ આ વખતે કેસુડો ખીલેલો જોવા મળી રહ્યો છે.

# એક જ સપ્તાહમાં બૂસ્ટર ડોઝ લેનારાનું પ્રમાણ દસ ગણું વધ્યું





કોરોનાના કેસમાં ફરી વધારો થાય તેવી ભીતિને પગલે બૂસ્ટર ડોઝ લેનારાના પ્રમાણમાં પણ વધારો થયો છે. ૧૯ ડિસેમ્બરના બૂસ્ટર ડોઝ લેનારાની સંખ્યા ૯૯૪ હતી અને તે ૨૬ ડિસેમ્બરના વધીને ૭૯૦૮ થઇ ગઇ છે.હાલ ૧૮ થી ૫૯ની વય જૂથ અને ૬૦થી વધુ વયનાને બૂસ્ટર ડોઝ આપવામાં આવી રહ્યો છે. કોરોનાના કેસમાં ઘટાડો થતાં બૂસ્ટર ડોઝ લેનારાના પ્રમાણમાં પણ ઘટાડો નોંધાયો હતો. જોકે, હવે કેસ વધવાની ભીતિને પગલે ફરી બૂસ્ટર ડોઝ લેવાનું લોકોને યાદ આવવા લાગ્યું છે. ગુજરાતમાં અત્યારસુધી કુલ ૧.૯૩ કરોડ લોકો દ્વારા બૂસ્ટર ડોઝ લેવામાં આવ્યો છે.

# રાજકોટ સહિત ચાર શહેરોમાં પતંગોત્સવ યોજાશે



કોરોના કાળ પછી પ્રથમ વખત ગુજરાત સરકારે પતંગ મહોત્સવનું આયોજન કર્યું છે. રાજ્યના ૪ શહેરી વિસ્તારોમાં પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવશે. જેમા અમદાવાદ રિવરફ્રન્ટ સિવાય વડોદરા, વડનગર, દ્વારકા, કેવડીયા -નર્મદા, સોમનાથ, સુરત , રાજકોટ, ધોલેરા અને ધોરડો ખાતે પતંગોત્સવ યોજાવાનો છે. ગુજરાતમાં ૮ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી, ૨૦૨૩ સુધી ચાલનારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં વિદેશી પતંગબાજો પણ ભાગ લેશે. અગાઉ વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં પતંગ મહોત્સવ કોરોના રોગચાળાને કારણે રદ કરવામાં આવ્યો હતો.

# રૂઆબ ઘટશે! ભાજપના નેતાઓ હવે સરકારી કારનો ઉપયોગ નહીં કરી શકે



ગુજરાતમાં ભાજપના મોટા નેતાઓ નારાજ થઈ જાય એવો નિર્ણય લેવાયો છે. સત્તા અને સંગઠનમાં પાવર ધરાવતા ઘણા નેતાઓ સરકારી કારોનો દુરોપયોગ કરતા હતા. હવે એ નહીં કરી શકે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓ હવે સરકારી કારનો ઉપયોગ કરી શકશે નહીં. વાહન વ્યવસ્થાને લઈને એક નિર્દેશ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ભાજપના નેતા, સાંસદ, ધારાસભ્ય સરકારી ગાડીઓનો ઉપયોગ કરી શકશે નહીં. નિર્દેશમાં ચોખ્ખુ જ કહેવામાં આવ્યું છે કે ભાજપના પ્રદેશ પદાઅધિકારીઓને સરકારી કારની સુવિધા હવે નહીં આપવામાં આવે અને નેતાઓએ તેમની પોતાની જ કારનો ઉપયોગ કરવાનો રહેશે. જેને પગલે નેતાઓને પોતાનો રૂઆબ ઘટયા હોવાનો અહેસાસ થઈ શકે છે.

# જૂનાગઢનાં જગમાલ ચોક વિસ્તારમાં અશાંતધારો લાગુ કરવા રજુઆત



જૂનાગઢતા.૨૯

જૂનાગઢ મહાનગરનાં જગમાલચોક વિસ્તારમાંઅશાંત ધારો લાગુ કરવા અગ્રણીઓએ ગાંધીનગર ખાતે ગૃહ રાજય મંત્રીને લેખીત મળીને રજૂઆત કરી હતી.આ વિસ્તારમાં તાત્કાલીકઅશાંતધારા લાગુ કરી તેની અમલવારી થાય તે લોકોના હિતમાં રહેશે. જૂનાગઢ મહાનગરના સુખનાથ ચોકથી જગમાલ ચોક સુધીમાં જૈના ઉપાશ્રય, જૈન ભવન, જીનાલય, આણંદજી કલ્યાણની પેઢીની ઓફિસ, વિશાશ્રીમાળી વાડી સહિત અને ક જૈનોના તથા હિન્દુઓના પવિત્ર સ્થળો આવેલા છે. ત્યારે આ વિસ્તારમાં અશાંત ધારો તાત્કાલીક લાગુ કરી તેની ચુસ્ત અમલવારી થાય છે. ગત તા. ૨૮/૧૨/૨૦૨૨ના રોજ ગાંધીનગર ખાતે રાજયના ગૃહમંત્રી હર્ષદભાઈ સંઘવીને રૂબરૂ મળીને જૂનાગઢ સંઘના અગ્રણી વી.એસ.દામાણી, જૂનાગઢ તપ ગચ્છ સંઘના પ્રમુખ દિનેશભાઈ શેઠ, સહમંત્રીઓ અશ્વીનભાઈ અવલાણી, અશોકભાઈ ટોળીયા, તપ ગચ્છ સંઘના ટ્રસ્ટીઓ યોગેશભાઈ શેઠ, હિતેષભાઈ સંઘવી, દિલેષભાઈ ભાયાણી, વિરલભાઈ બાવાસી સહિતના અગ્રણીઓએ આ બાબતે લેખિતમાં મુદા સર રજૂઆત કરી હતી. આ તકે ગૃહ રાજ્ય મંત્રીએ સાનૂકુળ પ્રતિભાવ આપી યોગ્ય કરવાની ખાતરી આપી હતી. આ બાબતે જૂનાગઢના ધારાસભ્ય અને કલેક્ટરને પણ લેખિતમાં રજૂઆત કરવામાં આવશે તેમ હિતેષભાઈ સંઘવી અનો અગ્રણીઓએ જણાવ્યું હતું.

# વેરાવળમાં પાંચ દિવસ પૂર્વે જુની અદાવતમાં સરાજાહેર ફાયરીંગ કરી હત્યા કરનાર આરોપી હરીદ્વારથી ઝડપાયો

## પોલીસની પાંચ દિવસથી શોધખોળના અંતે આરોપીની હરીદ્વારમાં હોવાની માહિતી મળતા સ્થાનીક પોલીસની મદદથી ઝડપી લેવાયો : ગુરૂવાર સાંજ સુધીમાં આરોપીને વેરાવળ લઈ આવવા પોલીસની ટીમ હરીદ્વાર જવા રવાના



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૯

પાંચ દિવસ પુર્વે વેરાવળના એસટી વિસ્તારમાં ચા પી રહેલા યુવક ઉપર સરાજાહેર ફાયરીંગ કરી મોતને ઘાટ ઉતારનાર આરોપી શખ્સને આજે મોડીસાંજે પોલીસેહરીદ્વારથી ઝડપી લેવામાં આવ્યો છે. આરોપી શખ્સને વેરાવળ લાવવા માટે અત્રેથી પોલીસની ટીમ રવાના થઈ છે અને સંભવતઃ ગુરૂવાર રાત સુધીમાં વેરાવળ પહોંચશે તેવું આધારભુત સુત્રોમાંથી જાણવા મળેલ છે. ગત તા.૨૩ ડીસે.ના રોજ સમી સાંજે સાતેક વાગ્યે આસપાસ વેરાવળમાં ટ્રાફીકથી ધમધમતા એસટી રોડ ઉપર કારડીયા બોર્ડિંગની સામે ચા ની લારી પાસે મોપેડ સ્કૂટર ઉપર બેસેલા રબારી નિતેશ સરમણભાઈ કટારીયા (ઉ.વ.૪૪) ના માથામાં લમણા ઉપર આરોપી રમેશ ઉર્ફે ગોવાળીયો અરજણ ચાવડાએ સરાજાહેરપીસ્ટલથી ગોલી મારી હત્યાનીપજાવીનેનાસી ગયો હતો. આ મામલે મૃતકના ભાઈ નારણ કટારીયાએ ૧૪ વર્ષ જુના મનદુઃખમાં હત્યા કરી હોવાની રમેશ ઉર્ફે ગોવાળીયા સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તેને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી હતી. શહેરમાં સરાજાહેર હત્યા કરી સનસનાટી મચાવનાર આરોપીને ઝડપી પાડવા માટે એલસીબી, એસઓજી અને સ્થાનીક પોલીસની જુદી જુદી ટીમો તપાસ કરી રહી હતી. આ તપાસમાં પોલીસને સ્થળ ઉપરથી ફાયરીંગ થયેલ પીસ્ટલ તથા ફુટેલ કાર્ટુસ મળી આવેલ જેની ફોરેન્સીક તપાસ કરાવવામાં આવી રહી છે. તો તપાસના બીજા દિવસે હત્યામાં ઉપયોગ લેવાયેલ બાઈક પણ શહેરના સોમનાથ ટોકીઝ વિસ્તારમાંથી રેઢું મળી આવ્યું હતું. જો કે આરોપી ક્યાં ભાગી ગયો તેની કોઈ ચોક્કસ માહિતી મળતી ન હોવાથી પોલીસ ધંધે લાગી હતી. દરમ્યાન પોલીસે નેત્રમ સીસીટીવી ફુટેજોની ઝીણવટભરી તપાસ હાથ ધરતા મહત્વની જાણકારી મળી હતી. જેના આધારે તપાસ આગળ વધતા આરોપી હરીદ્વાર આસપાસ હોવાની ચોક્કસ માહિતી મળી હતી. જેના આધારે પોલીસે હત્યારા રમેશ ઉર્ફે ગોવાળીયાને સ્થાનીક પોલીસની મદદથી હરીદ્વારમાંથી ઝડપી લીધો છે. હાલ આરોપીને અત્રે લાવવા માટે સીટી પોલીસની એક ટીમ હરીદ્વાર જવા રવાના થઈ હોવાની આધારભુત સુત્રોમાંથી માહિતી મળી રહી છે.

# હાઈકોર્ટનો વકીલોના અસીલની ઓળખ આપવાનાં રોલ પરત્વે મહત્વનો ચુકાદો

(પ્રતિનિધિદ્વારા)

જૂનાગઢતા.૨૯

જૂનાગઢનાં એડવોકેટ સિધ્ધાર્થભાઈ મહેશકુમાર રાવલે ગતતા.૧૧-૧૦-૨૨ના રોજ એક સોગંદનામામાંપોતાની ઓળખાણ કરેલી. જેથી ચોરવાડ પોલીસ સ્ટેશનમાં પોકસો એકટ હેઠળ ગુનો નોંધાયેલ અને સદરહુ ગુનાના કામે કોર્ટે તમામ આરોપીઓને જામીન ઉપર મુકત કરેલ અને ત્યારબાદ વકીલ દ્વારા સોગંદનામામાં અસીલની ઓળખાણ બાબતે ગુનામાં વકીલની સંડોવણી થતી હોય તેવું જણાતાં જૂનાગઢનાં એડવોકેટ સિધ્ધાર્થભાઈ મહેશકુમાર રાવલે કેશોદ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરતા કોર્ટે સરકારી વકીલની દલીલ માન્ય રાખી આગોતરા જામીન અરજી નામંખુર કરેલ અને જે જામીન અરજી નામંજુર કરેલ તે હુકમ સામે સીઆરપીસી ૪૮૨ મુજબ ગુજરાત હાઈકોર્ટનાં એડવોકેટ સકીલભાઈ કુરેશીએ અરજી કરતા આ હુકમની સામે પડકાર કરતા ગુજરાત હાઈકોર્ટે હાલ એડવોકેટ સિધ્ધાર્થભાઈ રાવલ સામે હાઈકોર્ટની પૂર્વ પરવાનગી વગર ચાર્જશીટ ફાઈલ કરવી નહી કે આ ગુનાનાં કામે કોઈ તપાસ અર્થે વકીલને જબરજસ્તી કરવી નહી તેવો ગુજરાત હાઈકોર્ટે હુકમ કરી વકીલ વિરૂધ્ધ કાર્યવાહી ન કરવા દાખલો બેસાડેલ છે.

# મોસ્ક મકબરાના કર્મચારીઓનો બાકી પગાર ચુકવી આપવા માંગ

જૂનાગઢ,તા.૨૯

જૂનાગઢ ખાતે આવેલા સરકારશ્રી હસ્તકના કાયદા વિભાગ હેઠળના મોસ્ક મકબરાના કર્મચારીઓનો તા.૧/૩/૨૦૧૬થી આજ દિવસ સુધીનો પગાર ચુકવી આપવા અંગે જૂનાગઢ જીલ્લા કલેકટર અને મોસ્ક મકબરાના પ્રમુખ રચિત રાજને લેખીત રજૂઆત કરવામાં આવી છે. અવાર નવાર મૌખીક, લેખીત રજૂઆત કરવા છતાં પણ કોઈ કાર્યવાહી થઈ નથી. સુશાસન સપ્તાહના ભાગરૂપે નિયત સમય મર્યાદામાં ફરીયાદોનો ઉકેલ લાવવા ભાર મુકાયો છે ત્યારે મોસ્ક મકબરાના કર્મચારીઓને પણ આજ દિવસ સુધીનો બાકી પગાર ચુકવી આપવા મોસ્ક મકબરાનાં કર્મચારી કાદરી મહમદ અમિને રજૂઆત કરી છે.

# માંગરોળનાં છેવાડાનાં વિસ્તારમાં દિપડાનાં આંટાફેરા



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળતા.૨૯

માંગરોળના છેવાડાના વિસ્તારોમાં કેટલાક સમયથી દિપડાના આંટાફેરાની ચર્ચા વચ્ચે પોરબંદર હાઈવે ઉપર સીસીટીવી કેમેરામાં ખુંખાર દિપડો કેદ થતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. વનવિભાગે ત્રણ સ્થળોએ પાંજરા ગોઠવી જંગલી પશુને પકડવા કવાયત હાથ ધરી છે. શહેરના શક્તિ નગર, અમૃત બાગ વિસ્તાર, કેશોદ ચોકડી નજીકનો વાડી વિસ્તાર, બાયપાસ સહિતના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી જંગલમાંથી અવારનવાર રાત્રીના સમયે દિપડો ઊતરી આવતો હોવાની રહેવાસીઓમાં ચર્ચા ઉઠી છે. ત્યારે ગઈકાલે પોરબંદર હાઈવે રોડ ઉપર ઉદીયા બાગ નજીક દિપડો સીસીટીવીમાં દેખાયો છે. જેના વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ થયા છે. દિપડાની અવરજવર અંગે વન વિભાગને જાણ કરાતા ઉદીયા બાગ, અમૃત બાગ તથા અગાઉ કુતરાનું મારણ જોવા મળતા મકતુપુર ગામ પાછળના જંગલ વિસ્તારમાં પાંજરા મુકી દિપડાને કેદ કરવા કાર્યવાહી હાથ ધરી છે.

# કોડીનાર જવાહર નવોદય વિદ્યાલયનાં વિદ્યાર્થીઓની કર્ણાટક ખાતે યોજાનારી આંતરરાષ્ટ્રીય જમ્બોરીમાં પંસદગી



(મુગલઅલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૯

કોડીનાર જવાહર નવોદય વિદ્યાલય વિદ્યાર્થીઓની મેંગલોર કર્ણાટકાખાતે યોજાનારી સ્કાઉટ અનેગાઈડ માટેની આંતરરાષ્ટ્રીય જાંબુરી માટે પસંદગી થઈ છે. આ આંતરરાષ્ટ્રીય જમ્બોરીમાં જાપાન, મલેશિયા, ભૂતાન, યુરોપના દેશોમાંથી ખૂબ મોટી સંખ્યામાં બાળકો સ્કાઉટસેલ ગાઈડ ભાગ લઈ રહ્યા છે. લગભગ ૫૦,૦૦૦ થી પણ વધારે બાળકો આ આંતરરાષ્ટ્રીય સંસ્કૃતિ કાર્યક્રમમાં ભાગ લેશે. આ કાર્યક્રમમાં પસંદગી પામીને જવાહર નવોદય વિદ્યાલયના કોડીનારના વિદ્યાર્થીઓએ ઉન્નત સ્થાન મેળવ્યું છે જેમાં સ્કાઉટસમાં નિહાર ખેર, ભગીરથ રામ, જેનિસ ચાંડેરા તથા ગાઈડ વિભાગમાં દિયા છાત્રોડીયા, નિકિતા સોલંકી, નિવ્યા અને ધ્રુવી મારૂ ભાગ લઈ રહ્યાછે.

આ વિદ્યાર્થીઓ તેમના વ્યાયામ શિક્ષકનીરજ જાનીતથા લતા ચૌધરી પાસે તાલીમ મેળવી રહ્યા છે તેમની આ સફળતા બદલ પ્રિન્સીપાલ શ્રી પાટીલે વિદ્યાર્થીઓનેતથા સ્ટાફનેહૃદયથી શુભેચ્છા આપી શાળાનું નામ રોશન કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

# ગીર સોમનાથ : પીજીવીસીએલના થાંભલાઓ ઉપર ટીવી કેબલ પ્રસ્થાપિત ન કરવા અંગે જાહેરનામું

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા.૨૯

ટીવી કેબલ ઓપરેટરો દ્વારા ટીવી કેબલનું નેટવર્ક પીજીવીસીએલના ઈલેક્ટ્રીક નેટવર્ક(થાંભલા) ઉપર કોઈપણ પ્રકારની મંજૂરી વગર પ્રસ્થાપિત કરી ઉપયોગમાં લેવામાં આવે છે. જેથી વીજ અકસ્માતની શક્યતાઓ વધી જાય છે. જેથી આમ ન થાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.વી. લિંબાસીયાએ જાહેરનામું બહાર પાડ્યુંછે. આ જાહેરનામાં અનુસાર ગીર સોમનાથ જિલ્લામાં કોઈપણ ટીવી કેબલ ઓપરેટરોએ પીજીવીસીએલના ઈલેક્ટ્રીક નેટવર્ક ઉપર ટીવી કેબલ પ્રસ્થાપિત કરવા નહીં તેમજ પીજીવીસીએલ દ્વારા દૂર કરાયેલ ટીવી કેબલ પણ પૂર્નઃપ્રસ્થાપિત કરવા નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ જાહેરનામું તારીખ ૨૩ ડિસેમ્બર ૨૦૨૨થી લઈ ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.

# ઓખા નજીકના દરિયામાંથી રૂા.૨૮૦ કરોડના ડ્રગ્સ સાથે ઝડપાયેલા દસ પાકિસ્તાની શખ્સો બાર દિવસના રિમાન્ડ ઉપર



(કુંજન રાડિયા દ્વારા)

## અમદાવાદ એટીએસ દ્વારા વિવિધ દિશામાં તપાસ જારી

જામ ખંભાળિયા તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સંવેદનશીલ મનાતા ઓખા નજીકના દરિયાની આંતરરાષ્ટ્રીય જળસીમા પાસેથી બે દિવસ પૂર્વે ૬ પિસ્તોલ, ૧૨ મેગેઝીન અને ૧૨૦ જેટલા કારતુસ સાથે નીકળેલા ૧૦ પાકિસ્તાની શખ્સોને એ.ટી.એસ.ની ટીમ તથા ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા દબોચી લેવામાં આવ્યા હતા. ઝડપાયેલી અલ સોહેલી બોટમાંથી રૂપિયા ૨૮૦ કરોડનું ડ્રગ્સ ભારતમાં ઘુસાડવામાં આવે તે પહેલા જ પોલીસે પકડી પાડ્યું હતું. આ પ્રકરણમાં છ આરોપીઓને સૌ પ્રથમ કોસ્ટ ગાર્ડની "અરિંજય" બોટ મારફતે ઓખા લાવવામાં આવ્યા હતા. તે પછી ડ્રગ્સ લાવવા માટે વપરાયેલી અને કરાંચીમાં રજિસ્ટર્ડ થયેલી "અલ સોહલી" બોટને અન્ય બોટ સાથે ટોર્ચન કરીને ઓખા લાવવામાં પહોંચાડવામાં આવી હતી. જેમાં ચાર પાકિસ્તાની નાગરિકો અત્રે લાવવામાં આવ્યા હતા. જ્યાં એટીએસ તથા અન્ય એજન્સીઓના ટોચના અધિકારીઓ દ્વારા સઘન પૂછતાછ કરવામાં આવી હતી. ત્યારબાદ ગઈકાલે બુધવારે મોડી રાત્રે ઝડપાયેલા આ તમામ આરોપીઓને ઓખાના ન્યાયાધીશના નિવાસ્થાને રજૂ કરવામાં આવતા આ આરોપીઓના આગામી તારીખ ૧૦ જાન્યુઆરી સુધીના ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

પાકિસ્તાનના હાજી સલીમ બ્લોચ દ્વારા રૂપિયા ૨૮૦ કરોડનો ડ્રગ્સનો આ જથ્થો લઈને નીકળેલા ૧૦ પાકિસ્તાનીઓ ગુજરાતમાં કયા દરિયા કાંઠે, કોની સાથે સેટિંગ કરીને ક્યાં આ મુદ્દામાલ ઉતારવાના હતા, ત્યાંથી આ માલ સામાને ક્યાં-ક્યાં લઈ જવાનો હતો, આ માટે નાણાકીય વ્યવસ્થામાં કોણ મદદરૂપ થવાનું હતું, પકડાયેલા આ શખ્સોએ આ પ્રકારે ડ્રગ્સની કેટલી વાર અને ક્યાં-ક્યાં હેરાફેરી કરી હતી, ભારતના કોણ કોણ વ્યક્તિ તેની મદદ રૂપ છે, અહીં આ મુદ્દામાલ બાબતે ક્યા મોબાઈલ નંબર ઉપર જાણ કરવાની હતી, કયા સ્થળે તેઓને મળવાનું હતું? તેની તપાસ સાથે પાકિસ્તાનથી ગુજરાતમાં ડ્રગ્સ ઉતારવાના અને ભારતના કયા કયા વિસ્તારોમાં આ ડ્રગ્સ મોકલવાના નેટવર્કમાં કોણ કોણ સામેલ છે ?, તેમના મોબાઈલ નંબરો, લોકેશન, આંતરરાષ્ટ્રીય હેરાફેરીમાં પાકિસ્તાન સિવાય અન્ય કોઈ દેશ પણ આમાં જોડાયેલ છે કે કેમ? સહિતના વિવિધ મુદ્દાઓનો તાગ મેળવવાના મુદ્દે રિમાન્ડ દરમ્યાન ઊંડી તપાસ હાથ ધરવામાં આવનાર છે.

ગઈકાલે બુધવારે મોડી રાત્રે એટીએસની ટુકડીઓ આરોપીઓના ૧૨ દિવસના રિમાન્ડ મેળવી, વધુ કાર્યવાહી માટે એટીએસ સહિતના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવા માટે રવાના થઈ ગયા છે.

એટીએસની કાર્યપ્રણાલી પ્રમાણે આ સમગ્ર ઓપરેશન તથા રિમાન્ડ સહિતની કાર્યવાહી સંપૂર્ણપણે ખાનગી રીતે કરવામાં આવી રહી છે. આ સમગ્ર ઓપરેશન પ્રક્રિયાની માહિતી સ્થાનિક પત્રકારોને પણ આપવામાં આવી નથી. એટલું જ નહીં, સ્થાનિક પોલીસને પણ ક્યાંય સાથે રાખવામાં આવી ન હતી. તમામ આરોપીઓને કોસ્ટ ગાર્ડની કચેરીએ જ રાખવામાં આવ્યા હતા. ત્યાં જ પૂછપરછ તથા ગુનેગારો સામેની કાર્યવાહી અને જરૂરી વિગતે ઓકાવવાની કામગીરી પણ ખાનગી રીતે કરવામાં આવ્યાનું કહેવાય છે.

આ સમગ્ર ઘટનામાં વધુ વિગતો પણ મળશે તેવી સંભાવના સાથે સમગ્ર ઘટનાની તપાસનો દૌર હવે અમદાવાદ ખસેડાયો છે. હાલ આ સમગ્ર પ્રકરણની તપાસમાં હોનહાર આઈ.પી.એસ. અધિકારી દીપન ભદ્રન, સુનિલ જોશી, ઓમ પ્રકાશ તથા સાથે કે કે. પટેલ, પી.આઈ. કોરાટ, પટેલ ગુર્જર, ચૌધરી સહિતના અધિકારીઓ જોડાયા છે. આગામી દિવસોમાં રિમાન્ડ દરમ્યાન વધુ મહત્વની વિગતો ખુલવા પામે તેવી સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# માંગરોળનાં ઓ.જી. વિસ્તારને નગરપાલિકા અથવા ગ્રામ પંચાયતમાં સમાવેશ કરવા માંગ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળતા.૨૯

માંગરોળ શહેરના ઓ.જી. વિસ્તારના લોકોને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તેમજ હાલમાં પડી રહેલી અનેકવિધ મુશ્કેલીઓ દુર કરવા નગરપાલિકા અથવા નજીકની ગ્રામ પંચાયતમાં સમાવેશ કરવા સરકારમાં રજુઆત કરવામા આવી છે. એ.આઈ.એમ.આઈ.એમ.ના જીલ્લા પ્રમુખ સુલેમાનભાઈ પટેલે કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યું છે કે, માંગરોળ શહેરને અડીને આવેલ વાડી વિસ્તારને ઓ.જી.વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. જેમાં જેતખમ, ભુતડીકાદી, મકોડા વડલી, દાતાર મંજીલ કલુતપુરની સીમ વિસ્તાર સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં આશરે પાંચ હજાર પરિવારમાં પંદર હજાર જેટલા ખેડૂત લોકો વસે છે.

જેઓને પંચાયત ન હોવાના કારણે પાણી, સ્ટ્રીટ લાઈટ, આરોગ્ય, શિક્ષણ, રસ્તાઓ સહિતની પાયાની સુવિધાઓ અને વહિવટી સુવિધાઓથી વંચિત રહેવું પડે છે. વધુમા આવક, જાતિના દાખલા, આધાર કાર્ડ, મા અમૃતમ કાર્ડ, વ્યકતિ લક્ષી યોજનાના લાભો, બેંકીગ સુવિધા, પશુ આરોગ્ય જેવી અનેક સુવિધાઓથી મળતી નથી. જરૂરી ફોર્મમાં સહી સિક્કાઓ માટે વહીવટી તંત્ર દ્વારા જવાબદારીનું નિર્વહન કરવાને બદલે ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા પંચાયત હસ્તકનો વિસ્તાર હોવા છતાં નગરપાલિકામાં મોકલી અપાતા અરજદારોને ધકકાઓ ખાવા પડે છે. જરૂરી વહિવટી સ્પષ્ટતાઓના અભાવે અધિકારીઓ જવાબદારી સ્વીકારતા ન હોય, જેને કારણે પણ આ વિસ્તારમાના લોકોને ભારે અગવડતા અને હેરાનગતીનો ભોગ બનવું પડેછે. આ સ્થિતિને નિવારવા આ ખેતીવાડી વિસ્તારમાં રહેતા પરિવારોને માંગરોળ નગરપાલિકામા સમાવેશ કરવા અથવા વિકલ્પે દાતાર મંઝીલ પાસેનો ખેતીવાડી વિસ્તાર નજીકના માનખેત્રા ગ્રામ પંચાયત સાથે, કામનાથ રોડ ઉપર આવેલ ખેતીવાડી વિસ્તારને નજીકના ઢેલાણા અથવા નવા-જુના કોટડા ગ્રામ પંચાયતમાં સમાવેશ કરી પ્રાથમિક સુવિધાઓ અને વિકાસના લાભો ઉપલબ્ધ કરાવવા જરુરી સર્વે કરાવી આ બાબતે નિર્ણય કરી આ વિસ્તારની પ્રજાની સમસ્યાનો અંત લાવવા અને પરિણામલક્ષી કાર્યવાહીની કરવા માંગ કરી છે.

# દ્વારકાનાં જગતમંદિરનાં મુખ્ય બંધ ગેટ સામે ટ્રાફીકનો પ્રશ્ન શિરદર્દ સમાન

## મંદિરની સામેનાં ચોકમાં સાંજનાં સમયે હોન્ડા ચાલકો અડીંગો જમાવીને બેસતા હોવાથી યાત્રિકો તથા સ્થાનિક જનતા ત્રાહીમામ : ટ્રાફીકની સમસ્યા કયારે ઉકેલાશે તે તો દ્વારકાધીશ જાણે

(રાકેશ સામાણી દ્વારા)



દ્વારકા તા.૨૯

દ્વારકા શહેરનાં જગતમંદિરની તદન સામે જ ટ્રાફીકની ભયંકર સમસ્યા છે. સાંજનાં સમયે હોન્ડા ચાલકો જગતમંદિરનાં મુખ્ય ગેટ સામે હોન્ડા પાર્ક કરીનો અડીંગો જમાવીને બેસે છે અને જાહેર રસ્તા ઉપર હોન્ડા પડેલા હોવાથી ટ્રાફીકની ભારે સમસ્યા સર્જાય છે. જેનાં કારણે સાંજનાં સમયે દ્વારકાધીશનાં દર્શન કરવા જતા સ્થાનિક ભાવિકો તથા બહારથી પધારતા ભાવિકોને અવર-જવર માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ વિસ્તારમાં ટ્રાફીકની સમસ્યા વર્ષોથી છે પરંતુ આ સમસ્યા સંબંધિત વહિવટી તંત્રને હજુ સુધી ધ્યાનમાં આવી હોય તેું જણાતું નથી. જગતમંદિર સામેની ટ્રાફીક સમસ્યાનો ઉકેલ લાવવાની જવાબદારી સ્થાનિક પોલીસની છે ? દેવસ્થાન સમિતિની છે? કેપછી જગતમંદિર પોલીસની જવાબદારી છે ? જીલ્લા કલેકટર દ્વારા ટ્રાફીક નિયમન માટે બહાર પાડવામાં આવેલ જાહેરનામું દ્વારકા માટે જાણે શોભાનાં ગાંઠીયા સમાન હોય તેવું હાલમાં સ્પષ્ટ જણાઈ આવેલ છે. ટ્રાફીકની સમસ્યાનું ક્યારે અને કોનાં દ્વારા નિયંત્રણ કરવામાં આવશે તે તો દ્વારકાધીશ જ જાણે!

# બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ મેળવવા ઈચ્છતા ખેડૂતો જોગ

## તા.૧૫-૦૧-૨૦૨૩ સુધીમાં જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે કરવાની રહેશે અરજી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૯

જિલ્લાના બાગાયત કરતા ખેડૂતોને નાયબ બાગાયત નિયામકની કચેરી તરફથી જણાવવાનું કે, બાગાયતખાતું ગુજરાત રાજ્ય, ગાંધીનગરદ્વારા બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આઈ-ખેડૂત પોર્ટલ તા.૧૫-૦૧-૨૦૨૩ સુધી ખુલ્લું મૂકવામાં આવેલ છે તો લાભ લેવા માંગતા બાગાયતદારોએ આઈખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે. બાગાયતદારોએ સમયમર્યાદામાં વિવિધ સહાયલક્ષી યોજનાઓમાં અરજીઓ કરી તેની નકલ સાથે જરૂરી કાગળો તાજેતરના ૭/૧૨ અને ૮-અના ઉતારાની ઓરિજનલ નકલ, બેંક પાસબુકની નકલ, આધારકાર્ડની નકલ, ડ્રીપ ઈરીગેશન અંગેના પુરાવાની નકલ વગેરે સાથે નાયબ બાગાયત નિયામકની કચેરી, નગરપાલિકા સામે, વિનાયક પ્લાઝા, ત્રીજો માળ, વેરાવળ ખાતે બીનચૂક જમા કરાવવાની રહેશે એવું બાગાયત નિયામકશ્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જૂનાગઢની

# સિવીલ હોસ્પીટલ દરિદ્રનારાયણનું મંદિર છે વ્યવસ્થાનો અભાવ ચલાવી લેવાશે નહીં : ધારાસભ્ય સંજય કોરડીયા

## કોરોનાનાં સંભવિત ખતરા સામે સિવીલ હોસ્પીટલ તંત્ર સજજ : ૯૫ બેડ ઉપર વેન્ટીલેટર સાથે ૩૦૦ બેડની વ્યવસ્થા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

કોરોનાનાં સંભવિત આક્રમણ સામે ગુજરાતનાં પ્રત્યેક જીલ્લામાં આરોગ્ય વિભાગ અને જીલ્લાનું તંત્ર સજજ થઈ રહ્યું છે ત્યારે જૂનાગઢનાં જાગૃત ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ તાજેતરમાં જૂનાગઢ સિવીલ હોસ્પિટલની મુલાકાત લઈ અને કેવી વ્યવસ્થા છે તે અંગેની જાત માહિતી મેળવી હતી અને જરૂરી સૂચનો કર્યા હતા તેમજ ભાર પુર્વક જણાવ્યું હતું કે, આ દરિદ્રનારાયણનું મંદિર છે તેમાં વ્યવસ્થાનો અભાવ ચલાવી લેવાશે નહી. વિશ્વના અનેક દેશોમાં કોરોનાને કારણે ઉભી થયેલી સ્થિતિમાં મેડિકલ વ્યવસ્થા કોલેપ્સ થઈ ગઈ હોય તેવી સ્થિતિ છે. ભારતમાં કોરોનાની બીજી લહેર વખતે આવી સ્થિતિ થઈ હતી. પરંતુ આવનારા સમયમાં કોરોના પોઝિટિવ દર્દીઓ વધે તો પણ વ્યવસ્થા જળવાય રહે તે માટે સરકારે તૈયારીઓ શરૂ કરી છે અને તેનું નિરીક્ષણ પણ થઈ રહ્યું છે. ગઈકાલે જૂનાગઢ સિવિલ હોસ્પિટલની મુલાકાતે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા પહોંચ્યા હતા અને દરેક પાસાઓનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. એટલું જ નહીં હોસ્પિટલમાં જે વ્યવસ્થાઓ કે જરૂરિયાત છે તેની માહિતી માંગી હતી. સાથે કહ્યું હતું કે જે પણ ખૂટતું હોય એ ચકાસી લ્યો અને તાત્કાલિક જેની જરૂર હોય તેની વિગતો સાથે પ્રપોઝલ આપશો તો હોસ્પિટલમાં વ્યવસ્થા માટે જરૂરી બધા જ પગલાં ભરી શકાશે. સિવિલ હોસ્પિટલમાં ધારાસભ્ય પહોંચ્યા બાદ તેમણે સિવિલ સર્જન અને મેડિકલ કોલેજના ડીન સહિતના તમામ અધિકારીઓને સાથે રાખી અલગ અલગ વોર્ડ અને વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. સિવિલ સર્જન નયનાબેન લકુમ અને મેડિકલ કોલેજના ડીન ડો. મનીષ મહેતા સાથે જરૂરી વ્યવસ્થા અંગે લાંબી ચર્ચાઓ કરી હતી. એટલું જ નહીં જે પણ જરૂરી વ્યવસ્થાઓ ખૂટતી હોય તેની દરખાસ્ત તાત્કાલિક સરકાર તરફે કરવા કહ્યું હતું. એ ઉપરાંત ધારાસભ્ય એ તબીબોની ઘટ અથવા કર્મચારીઓની ઘટ હોય તેની વિગતવાર માહિતી આપવા તાકીદ કરી હતી. સિવિલ હોસ્પિટલમાં મંગળવારે જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓએ મોકડ્રિલ કરી હતી જેમાં જુદી જુદી વ્યવસ્થા અંગે ચર્ચા થઈ હતી. પરંતુ બુધવારે જાગૃત જન પ્રતિનિધિએ મુલાકાત લીધી ત્યારે કેટલીક વધુ વિગતો બહાર આવી હતી. લાંબી મુલાકાત દરમ્યાન કેટલીક એવી વાતો પણ ધ્યાનમાં આવી હતી જે દર્દીઓ માટે અવ્યવસ્થા ઉભી કરનારી હોય શકે છે. તે મામલે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ સ્પષ્ટ કહ્યું હતું કે, જે પણ હોય આ દરિદ્રનારાયણનું મંદિર છે તેમાં વ્યવસ્થાનો અભાવ ચલાવી લેવાશે નહીં એ બાદ ધારાસભ્યએ માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલ સિવિલ હોસ્પિટલમાં ૯૫ બેડ વેન્ટિલેટર સાથે કુલ ૩૦૦ બેડની વ્યવસ્થા રાખી છે. સિવિલ હોસ્પિટલમાં ધારાસભ્ય પહોંચ્યા બાદ તેમણે સિવિલ સર્જન અને મેડિકલ કોલેજના ડીન સહિતના તમામ અધિકારીઓને સાથે રાખી અલગ અલગ વોર્ડ અને વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાની સિવિલ હોસ્પિટલમાં મુલાકાત લીધી હતી. મુલાકાત સમયે કેટલાક કર્મચારીઓ અને તબીબો ગેરહાજર હતા તેવું જાણવા મળતા ધારાસભ્યશ્રીએ કહ્યું હતું કે, માની લ્યો હું જ ડોક્ટર છું અને ફરજ ઉપર હાજર નથી, તો શું પગલાં લેશો ? તેના જવાબમાં સિવિલ સર્જન નયનાબેન લકુમે કહ્યું હતું કે, ગેરહાજર ગણીને નિયમ મુજબ કાર્યવાહી કરીએ છીએ. ત્યારે ધારાસભ્યએ કહ્યું હતું કે, અત્યાર સુધીમાં શું પગલાં લીધા ? તેની વિગતો આપો. આ સાંભળીને અધિકારીઓ મૌન થઈ જતા ધારાસભ્યએ સ્પષ્ટ કહ્યું હતું કે, આવી રીતે બેદરકારી ચાલશે નહીં. જે કરવાનું હોય તે કરો પણ ગેરહાજરી ચલાવી લેવાશે નહીં.

# આંબેડકરનગરમાં બે પરિવાર વચ્ચે મારામારી : સામસામી ફરિયાદ

જૂનાગઢ, તા. ૨૮

જૂનાગઢના બિલખા રોડ ઉપર આવેલા આંબેડકરનગરમાં યુવતીએ કરેલી આત્મહત્યાના મનદુઃખના કારણે બે પરિવાર વચ્ચે મારામારી થઈ હતી, જેમાં બંને પક્ષના કુલ પાંચ વ્યક્તિને ઈજા થતાં સારવારમાં ખસેડાયા હતા. આ અંગે સામસામે ફરીયાદ થતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના બીલખા બોડ પર આંબેડકરનગર શેરી નં.૩માં રહેતા અશોકભાઈ રવજીભાઈ ચૌહાણના બહેન લક્ષ્મીબેનના પુત્ર ગૌતમને કિશોરભાઈની પુત્રી ટીશા સાથે પ્રેમ સંબંધ હોય અને લગ્નની વાતચિત પણ ચાલતી હતી. પરંતુ છ સાત મહિના ટીશાએ આત્મહત્યા કરી લીધી હતી. જેના મનદુઃખના કારણે ગતરાત્રે કિશોર દુદાભાઈ મહિડા, પ્રવિણ દુદા મહિડાએ અશોકભાઈ અને તેના ભત્રીજા મેહુલ પર છરી વડે હુમલો કર્યો હતો. મીનાક્ષીબેન અને વિનિતે પાઈપ વડે માર માર્યો હતો. આ અંગે અશોકભાઈ ચૌહાણે મીનાક્ષીબેન કિશોરભાઈ, વિનિત કિશોરભાઈ, નિહાર કિશોરભાઈ અને પ્રવિણ દુદા મહિડા સામે ફરિયાદ નોંધાવી છે. તો સામાપક્ષે કિશોરભાઈ દુદાભાઈ મહીડાએ ગૌતમ કિશોર વડીયાતર, અશોકભાઈ રવજી ચૌહાણ, વિજય કાંતી અને ગૌતમના મામા સામે ફરીયાદ કરતા એ ડીવીઝન પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢનાં સ્વામિનારાયણ મુખ્ય મંદિરે આજે દર્શનાર્થે ભાવિકો ઉમટી પડયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢનાં જવાહર રોડ ઉપર આવેલા સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે વ્હેલી સવારથી ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા છે. ભગવાન સ્વામિનારાયણનાં સ્વહસ્તે પધરાવેલા દેવો સિધ્ધેશ્વર મહાદેવ સહિતનાં દેવો ભાવિકોની મનોકામનાં પુર્ણ કરે છે. મુખ્ય મંદિરમાં આવેલા વિવિધ દેવોનાં દર્શન કરી અને ભાવિકો ભાવવિભોર બને છે. તેમજ રિધ્ધી-સિધ્ધીનાં દાતા ગણપતિજી તેમજ હનુમાનજીનાં પણ દર્શન કરી અને ભાવવિભોર બને છે. સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે કાયમને માટે ધાર્મિક કાર્યક્રમો યોજાતા હોય છે. ચેરમેનશ્રી દેવનંદન સ્વામિ, કોઠારી શાસ્ત્રી પ્રેમસ્વરૂપદાસજી (નાવાગઢ) તેમજ કોઠારી પી.પી. સ્વામિ સહિતનાં સંતો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે તેમ સેવક પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.

# કોરોનાના આવનાર સંકટને પહોંચી વળવા માટે અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાતે શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા

## આવનારા સંકટનો સામનો કરવા મહાનગર સંગઠન અને કોર્પોરેશન તૈયાર છે : પુનિત શર્મા






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

સમગ્ર વિશ્વ ઉપર કોવિડનું સંકટ દેખાય રહ્યું છે પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સુઝબુઝને કારણે ભારતભરમાં વેક્સિનેશનની મેગા ડ્રાઈવ ચાલી અને દરેક ભારતીયોએ વેક્સિનનાં ડોઝ સમયસર લઈ લીધાં છે ત્યારે આપણાં દેશમાં આવનાર સંકટનો ખતરો નહિવત છે. પણ ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર હંમેશા કોઈપણ આપત્તિનો સામનો કરવા તૈયાર હોય છે તેવી રીતે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢના અધ્યક્ષ પુનિતભાઈ શર્માએ મહાનગરપાલિકાનાં અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે ટીંબાવાડી સ્થિત અર્બન હેલ્થ સેન્ટર ખાતે ઉપસ્થિત રહી કોરોનાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા તૈયારીઓની સમીક્ષા કરેલ હતી. જેમાં મહાનગર અધ્યક્ષ પુનિતભાઈ સાથે જૂનાગઢ મહાનગર પાલિકાનાં કમિશ્નર રાજેશ તન્ના, ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા, દંડક અરવિંદભાઈ ભલાણી તથા કોર્પોરેટરો તથા અર્બન હેલ્થ સેન્ટરનો મેડીકલ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. પુનિતભાઈ સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ભગવાનને પ્રાર્થના કરીએ કે હવે આવી વિકટ પરિસ્થિતિ ના આવે પણ છતાં કોઈ સંકટ આવશે તો સંગઠન અને કોર્પોરેશન દરેક પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ છે તેમ મિડીયા વિભાગનાં સંજય પંડ્યાની યાદી જણાવે છે.

# ગિરનાર પર્વત ઉપર ૭.૨ ડીગ્રી તાપમાન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીમાં ઘટાડો યથાવત છે તેમ છતાં ગિરનાર પર્વત ઉપર ૭.૨ ડીગ્રી તાપમાન રહયું છે. છેલ્લા એક સપ્તાહથી ઠંડી બોકાસો બોલાવી રહી છે. પરંતુ આજે ઠંડીમાં રાહત જોવા મળી રહી છે. ગઈકાલે જૂનાગઢનું લઘુતમ તાપમાન ૧૦.૨ ડીગ્રી રહયા બાદ આજે બે ડીગ્રી તાપમાન વધીને ૧૨.૨ ડીગ્રી નોંધાયું હતું જેનાં પરીણામે ઠંડીમાં ઘટાડો થયો હતો. ગિરનાર પર્વત ઉપર આજે ૭.૨ ડીગ્રી ઠંડી રહી હતી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા રહેતા ઠાર યથાવત રહયો હતો. જયારે સવારનાં પવનની પ્રતિ કલાકની ઝડપ અઢી કિમીની રહી હતી.

દરમ્યાન છેલ્લા દિવસોમાં ઠંડીનાં આક્રમણને કારણે લોકોને ફરજીયાત ગરમ વસ્ત્રો દિવસ દરમ્યાન ધારણ કરવા પડયા હતાં.

## જૂનાગઢમાં આગની બે ઘટના : કોઈ જાનહાની નહી

જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢમાં આગનાં બે બનાવો બન્યા હતાં. આ અંગે મનપાનાં ફાયર સુપ્રીટેન્ડેન્ટ દિપક જાનીનાં જણાવ્યા મુજબ જુની સિવીલ હોસ્પીટલ નજીક એક ગોડાઉન પાસે વેસ્ટેજ મટીરીયલમાં આગ લાગી હતી. જયારે કાળવા ચોક પાસો રહેતા આશિષભાઈ સીરોદરીયાનાં રહેણાંક મકાનમાં આગ લાગી હતી. પરંતુ ફાયર વિભાગવે તાત્કાલી પહોંચી અને આગને બુઝાવી હતી. કોઈ જાનહાની નથી.


**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્‌ન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧


# બિલખાનાં ચેલૈયાધામ ખાતે શ્રી રામચરિત માનસ કથાનો પ્રારંભ

## તા. ૬ઠ્ઠીએ પૂર્ણાહુતી : સરોજબેન તેરૈયા સંગતની સુરાવલી સાથે કથાનું રસપાન કરાવી રહયા છે




(મહેન્દ્ર નાગ્રેચા/સુલ્તાન ચૌહાણ દ્વારા)

બિલખા તા. ૨૯

બિલખાનાં ભકત ચેલૈયાધામ ખાતે મહંત શ્રી રામકૃષ્ણદાસજી સાંનિધ્યમાં શ્રી રામચરિતમાનસ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો છે. જેમાં દરરોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ શ્રી સરોજબેન તેરૈયા સંગીતની સુરાવલી સાથે પોતાની આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવી રહયા છે. સાંકેતવાસીશ્રી શ્રી ૧૦૮ પરમહંસદાસજી બાપુની પૂણ્યતિથિ નિમિત્તે આયોજીત આ રામકથામાં વાજતો ગાજતો પોથીયાત્રા નીકળી હતી. બાદમાં સંતોની ઉપસ્થિતિમાં દિપપ્રાગટય વિધી કરી કથાનો પ્રારંભ કરાયો હતો. આ કથા દરમ્યાન શિવ વિવાહ, શ્રી રામજન્મ બાલચરિત્રો, રામવિવાહ વનવાસ, ભરત મિલાપ શ્રી રામના રાજયભિષેક સાથે તા. ૬ને શુક્રવારે કથા વિરામ લેશે. આ કથા દરમ્યાન દર્શનીય સંતોમાં મહામંડલેશ્વર રામદયાલદાસજી તેમજ મહામંડલેશ્વર પૂ. હરીહરાનંદભારતી બાપુ, પૂ. જશુ બાપુ, પૂ. શેરનાથ બાપુ, જેરામ બાપુ, વિજય બાપુ સહિતનાં નામી અનામી સંતો આર્શિવચન પાઠવશે. કથા શ્રવણ કરવા આવતા દરેક ભાવિકો માટે બપોરે તથા સાંજે ભોજન પ્રસાદીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ કથા શ્રવણનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને મહંતશ્રી રામસ્વરૂપદાસજી બાપુએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે. આ કથાને સફળ બનાવવા સમસ્ત સેવક સમુદાય જહેમત ઉઠાવી રહયો છે.

## જૂનાગઢમાં વરલી મટકાનાં જુગાર અંગે કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

બી ડીવીઝન પોલીસો ગઈકાલે જોષીપરા ન્યુબોસ્ટ સ્કૂલની નજીકનાં ગલીનાં નાકેથી ભાવેશ ઉર્ફે ભુજંગ પ્રભુદાસભાઈને વરલી મટકાનાં આંકડાની કપાત આશીષભાઈનાં મોબાઈલ ઉપર કરાવતા અને રેડ દરમ્યાન રૂા.૨,૭૮૦નાં મુદામાલ સાથે પોલીસે ઝડપી લીધેલ છે અને તેમનાં વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કેશોદ ઝેરી ટીકડા પી જતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

કેશોદની જુની બજાર, કસ્તુરબા શેરીમાં રહેતા સીદીકભાઈ કાસમભાઈ વાજા (ઉ.વ.૭૦)એ કોઈપણ કારણસર ઝેરી ટીકડા પી લેતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે કેશોદ પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**ડો. વિપુલ મહેતા**
એમ.ડી. (આર્યુ.) આયુર્વેદ નિષ્ણાંત

વા, દમ, શ્વાસને લગતા રોગો, પગનાં સાંધાના દુઃખાવા, હઠીલા રોગોનાં નિષ્ણાંત

**શ્રેયસ આયુર્વેદ કલીનીક**
૩૨૩,૩૨૫ ઈન્દ્રલોક આર્કેડ, મહર્ષિ અરવિંદ માર્ગ, તળાવ દરવાજા, જૂનાગઢ
ફોન : ૦૨૮૫ - ૨૬૨૦૬૨૪, મો. ૯૮૨૫૧ ૨૦૬૨૪
સમય : સવારનાં ૯ થી ૧, સાંજે ૫ થી ૮



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
ફ્રીઝ ૬૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
મારાસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨